G.U.P. 253-250-9-61

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની એકેડેમિક કાઉન્સિલની સને ૧૯૬૧ના વર્ષની ત્રીજી સભા, શનિવાર, તા. ૧૨-૮-૧૯૬૧ના રોજ બપોરના ૧૨-૩૦ વાગ્યે, યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી, અને રવિવાર, તા. ૧૩-૮-૧૯૬૧ના રોજ પણ તે જ સમયે ચાલુ રહી હતી. પ્રમુખસ્થાન, ઉપકુલપતિ શ્રી. લાલભાઈ ૨. દેસાઈએ લીધું હતું. સભ્યોની હાજરી નીચે પ્રમાણે હતી:

	તા. ૧૨-૮-૧૯૬૧	તા. ૧૩-૮-૧૯૬૧
૧. શ્રી. લાલભાઈ ૨. દેસાઈ, ઉપકુલપતિ	હાજર	હાજર
૨. શ્રી. કં. ચં. પરીખ, મહામાત્ર	હાજર	હાજર
૩. આચાર્ય કે. એલ. દેસાઈ	ગેરહાજર	ગેરહાજર
૪. ,, ડૉ. ય. ગુ. નાયક	હાજર	હાજર
૫. શ્રી. એસ. કે. કાત્રક	હાજર	હાજર
૬. આચાર્ય એચ. એસ. સંઘવી	હાજર	હાજર
૭. ડૉ. એન. સી. શાહ	હાજર	હાજર
૮. આચાર્ય એસ. સી. પાઠક	હાજર	ગેરહાજર
૯. ,, વી. વી. વૈદ્ય	ગેરહાજર	હાજર
૧૦. પ્રૉ. બી. આર. શેનોય	હાજર	ગેરહાજર
૧૧. પ્રૉ. ઉમાશંકર જોશી	ગેરહાજર	ગેરહાજર
૧૨. શ્રી. જે. જે. દેસાઈ	હાજર	હાજર
૧૩. આચાર્ય ડૉ. હર્બર્ટ એ. ડિ'સોઝા	ગેરહાજર	ગેરહાજર
૧૪. શ્રી. ડી. આર. માંકડ	ગેરહાજર	ગેરહાજર

	તા. ૧૨-૮-૧૯૬૧	તા. ૧૩-૮-૧૯૬૧
૧૫. ડૉ. સી. આર. નાયક	હાજર	હાજર
૧૬. શ્રી. ઝીણાભાઈ ૨. દેસાઈ	હાજર	હાજર
૧૭. ડૉ. જે. જે. ચિનોય	હાજર	હાજર
૧૮. શ્રી. ભગનભાઈ પ્ર. દેસાઈ	હાજર	હાજર
૧૯. આચાર્ય પી. જી. માવળંકર	હાજર	હાજર
૨૦. આચાર્ય વી. આર. ત્રિવેદી	હાજર	હાજર
૨૧. ડૉ. પી. એચ. પ્રભુ	ગેરહાજર	ગેરહાજર
૨૨. આચાર્ય સી. સી. શાહ	હાજર	હાજર
૨૩. ,, ય. પ્રા. શુકલ	હાજર	હાજર
૨૪. ,, એસ. આર. ભટ્ટ	હાજર	હાજર
૨૫. ,, ડૉ. આર. જી. ભટ્ટ	હાજર	હાજર
૨૬. ,, ડૉ. ડી. પી. હાકર	હાજર	હાજર
૨૭. શ્રી. એમ. ટી. શુકલ	હાજર	ગેરહાજર
૨૮. ડૉ. વિક્રમ એ. સારાભાઈ	ગેરહાજર	ગેરહાજર
૨૯. આચાર્ય ડૉ. આર. ડી. દેસાઈ	હાજર	હાજર
૩૦. ,, સી. એમ. પટેલ	હાજર	હાજર
૩૧. ,, કે. વી. દેસાઈ	હાજર	હાજર
૩૨. ,, ડૉ. એમ. એમ. પારેખ	હાજર	હાજર
૩૩. ,, જે. બી. સાન્ડિલ	હાજર	હાજર
૩૪. ,, ડૉ. કે. જી. નાયક	હાજર	હાજર
૩૫. શ્રી. જી. બી. ઓઝા	હાજર	હાજર
૩૬. આચાર્ય સી. જે. પટેલ	હાજર	હાજર
૩૭. શ્રી. આઈ. એ. મહેતા	હાજર	હાજર
૩૮. આચાર્ય સી. ડી. વ્યાસ	હાજર	ગેરહાજર
૩૯. ડૉ. જી. એ. પટેલ	ગેરહાજર	ગેરહાજર
૪૦. શ્રી. બાબુભાઈ હ. દેસાઈ	હાજર	ગેરહાજર
૪૧. આચાર્ય એમ. એસ. પંડિત	હાજર	હાજર
૪૨. ડૉ. ઈ. એમ. બેસ્ટ	હાજર	હાજર
૪૩. ડૉ. એચ. એસ. ખંઢેરિયા	ગેરહાજર	ગેરહાજર
૪૪. આચાર્ય એસ. વી. દેસાઈ	ગેરહાજર	ગેરહાજર
૪૫. ,, ડૉ. આર. પી. પટેલ	હાજર	હાજર
૪૬. ,, ડૉ. જે. એચ. અધ્વર્યુ	હાજર	હાજર
૪૭. શ્રી. જી. આર. દેસાઈ	હાજર	ગેરહાજર
૪૮. ડૉ. પી. એમ. મહેતા	ગેરહાજર	ગેરહાજર
૪૯. શ્રી. જી. જે. કુલકર્ણી	હાજર	હાજર

	તા. ૧૨-૮-૧૯૬૧	તા. ૧૩-૮-૧૯૬૧
૫૦. આચાર્ય પી. એચ. ભટ્ટ	હાજર	ગેરહાજર
૫૧. ,, એ. આર. દેસાઈ	હાજર	હાજર
૫૨. ડૉ. એમ. ડી. દેસાઈ	હાજર	ગેરહાજર
૫૩. ડૉ. કે. આર. રામનાથન	ગેરહાજર	ગેરહાજર
૫૪. આચાર્ય ટી. એ. દેસાઈ	હાજર	હાજર.

૧. તા. ૧૬/૧૭-૨-૧૯૬૧ના રોજ મળેલી એકૅડેમિક કાઉન્સિલની સને ૧૯૬૧ના વર્ષની બીજી સભાના કામકાજની નોંધને મંજૂરી આપવા બાબત.

એકૅડેમિક કાઉન્સિલની તા. ૧૬/૧૭-૨-૧૯૬૧ના રોજ મળેલી સને ૧૯૬૧ના વર્ષની બીજી સભાના કામકાજની નોંધને મંજૂર કરવામાં આવી, તથા તે પર પ્રમુખશ્રીએ સહી કરી.

૨. ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૫ની પેટાકલમ (૪) મુજબ ચુનીલાલ ગાંધી વિદ્યાભવન, સુરતને સિન્ડિકેટે તેની તા. ૩-૬-૧૯૬૧ની સભામાં માન્યતા આપ્યાની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની નોંધ લેવી.

૩. તા. ૬-૯-૧૯૬૦ના રોજ મળેલ મનોવિજ્ઞાનની અભ્યાસસમિતિની નીચેની ભલામણ અંગે વિચારણા કરવા બાબત:

"એમ.એ. ઇન્ડિયન સાયકોલોજીના અભ્યાસક્રમ માટે નીચેનું પુસ્તક ભલામણ કરેલાં પુસ્તકોની યાદીમાં ઉમેરવા એકૅડેમિક કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે:

Sorokin P.A. (Ed.): 'Forms and Techniques of Altruistic and Spiritual Growth — A Symposium' (Pub. The Beacon Press, Bosten. Price: 6)."

આથી ઠરાવવામાં આવે છે કે, અભ્યાસસમિતિની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૪. સિન્ધીની ઍડ-હૉક સમિતિની તા. ૧-૪-૧૯૬૧ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત:

"૧૯૬૩ના વર્ષમાં થનારી બી.એ. તથા એમ.એ.ની સિન્ધી વિષયની પરીક્ષા માટે આ સાથે પરિશિષ્ટમાં જણાવ્યા મુજબનાં પાઠ્યપુસ્તકો નિયત કરવા એકૅડેમિક કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે."

આથી ઠરાવવામાં આવે છે કે, ૧૯૬૩ના વર્ષમાં થનાર બી.એ ની સિન્ધી વિષયની પરીક્ષા માટેનાં પાઠ્યપુસ્તકો મંજૂર કરવાં.

(મંજૂર કરવામાં આવેલાં પાઠ્યપુસ્તકોની યાદીની નકલ પરિશિષ્ટ "ક" તરીકે સામેલ છે.)

વધુમાં ઠરાવવામાં આવે છે કે, સિન્ધી વિષય એમ.એ. માટે કોઈ જગ્યાએ શીખવાતો ન હોવાથી, તેનાં પાઠ્યપુસ્તકો નિયત કરવાની જરૂર જણાતી નથી.

૫. સને ૧૯૬૨ની સાલમાં લેવાનારી પરીક્ષાઓ માટે પરીક્ષકોની નિમણૂક અંગેની ભલામણો કરવા માટે 'પરીક્ષાસમિતિ'માં એકૅડેમિક કાઉન્સિલ તરફથી ઑર્ડિનન્સ ૬૭ હેઠળ પ્રત્યેક વિદ્યાશાખા અંગેની સમિતિમાં બબ્બે સભ્યો નીમવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ૧૯૬૨ની સાલમાં લેવાનારી પરીક્ષાઓ માટે જુદી જુદી વિદ્યાશાખાઓની પરીક્ષાસમિતિઓ પર, એકૅડેમિક કાઉન્સિલના પ્રતિનિધિઓ તરીકે નીચે પ્રમાણે નિમણૂકો કરવી:

૧. વિનયન વિદ્યાશાખા	..	૧. આચાર્ય સી. જે. પટેલ, ૨. આચાર્ય ય. પ્રા. શુકલ.
૨. વિજ્ઞાન વિદ્યાશાખા	..	૧. આચાર્ય જે. બી. સાણ્ડેલ, ૨. આચાર્ય ડૉ. એસ. વી. શાહ.
૩. ઇજનેરી વિદ્યાશાખા	..	૧. આચાર્ય ટી. એ. દેસાઈ, ૨. આચાર્ય જી. જે. કુલકર્ણી.
૪. કૃષિવિદ્યાની વિદ્યાશાખા	..	૧. આચાર્ય કે. વી. દેસાઈ (ઉપરાંત અન્ય સભ્યને યથાસમયે નીમવા ઉપકુલપતિશ્રીને સત્તા આપવી.)
૫. ધારાશાસ્ત્રની વિદ્યાશાખા	..	૧. આચાર્ય સી. ડી. વ્યાસ, ૨. આચાર્ય એમ. એસ. પંડિત.
૬. તબીબી વિદ્યાશાખા	..	૧. ડૉ. એમ. ડી. દેસાઈ, ૨. ડૉ. જે. જે. દેસાઈ.
૭. વાણિજ્ય વિદ્યાશાખા	..	૧. આચાર્ય એસ. વી. દેસાઈ, ૨. આચાર્ય એ. આર. દેસાઈ.
૮. આયુર્વેદ વિદ્યાશાખા	...	૧. ડૉ. પ્રાણજીવનદાસ મહેતા, ૨. ડૉ. એમ. ડી. દેસાઈ.

૬. સ્ટૅન્ડિંગ કમિટી ઑન ઇક્વિવેલેન્સ ઑફ એક્ઝામિનેશન્સની તા. ૨૨-૨-૧૯૬૧ની સભાની નોંધને મંજૂરી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ નોંધ મંજૂર કરવી.

(મંજૂર કરવામાં આવેલી નોંધની નકલ પરિશિષ્ટ "ખ" તરીકે સામેલ છે.)

૭. શ્રી. આઈ. જી. વશીની પીએચ.ડી. પદવી રસાયણવિજ્ઞાન વિષય માટે બાહ્ય પરીક્ષક તરીકે નીમવા સારુ રસાયણવિજ્ઞાનની અભ્યાસસમિતિના અધ્યક્ષનું સૂચન તે અભ્યાસસમિતિના સભ્યોએ પત્રવ્યવહારથી મંજૂર રાખેલ હોવાથી તે તે ચૅરીઓની નિમણૂક કરવા માટે સિન્ડિકેટને ભલામણ કરવા બાબત.

રેફરીઓનાં નામ

External Referees

"1. ડૉ. જે. કેન્યન, એફ.આર.એસ.,
૨૧, સેન્ડ્સ લેન,
Petershan,
Surrey, England (U.K.).

2. Dr. A. G. Davies,
University College of Science,
Tower Street,
London (W.C. 2).

3. Dr. C. L. Areus,
Battersee College of Sc. & Technology,
London. (S.W. 11).

Internal Referees (for viva voce)

1. Dr. R. C. Shah,
Deputy Director,
N.C.L., Poona.

2. Dr. Suresh Shethna,
Professor of Chemistry,
M. S. Uni. of Baroda, Baroda."

આથી ઠરાવવામાં આવે છે કે, પીએચ.ડી. પદવી માટેનો શ્રી. આઈ. જી. વશીનો મહાનિબંધ તપાસવા માટે, નીચે પ્રમાણે રેફરીઓની ક્રમાનુવર્તી નિમણૂક કરવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી:

ભારત બહારથી

1. ડૉ. જે. કેન્યન, એફ.આર.એસ., ૨૧, સેન્ડ્સ લેન,
Petershan, Surrey, England (U.K.).
2. Dr. A. G. Davies, University College of Science,
Tower Street, London (W.C. 2).
3. Dr. C. L. Areus, Battersee College of Sc. &
Technology, London (S.W. 11.).

ભારતમાંથી

1. Dr. R. C. Shah, Deputy Director, N.C.L., Poona.
2. Dr. Suresh Shethna, Professor of Chemistry,
M. S. University of Baroda, Baroda.

૮. ગુજરાત રાજ્યના ડાયરેક્ટર ઑફ હેલ્થ ઍન્ડ મેડિકલ સર્વિસીઝ, ડૉ. ત્રિભુવનદાસ ભીખાભાઈ પટેલને વિદ્યાશાખા ઍનાયત કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ડૉ. ત્રિભુવનદાસ ભીખાભાઈ પટેલને તબીબી વિદ્યાશાખાના સભ્ય તરીકે લેવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી.

૯. મરાઠીની અભ્યાસસમિતિ ઉપર કોઈ Ex-Officio સભ્ય નહિ રહેતાં અભ્યાસસમિતિને બદલે મરાઠીની ઍડ-હૉક સમિતિ નીમવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, મરાઠીની ઍડ-હૉક સમિતિ રચવી, તથા તે સમિતિ પર નીચે પ્રમાણે નિમણૂક કરવી :

૧. પ્રૉફેસર આર. બી. આથવલે, એલ. ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ;

૨. પ્રૉફેસર વાય. ડી. ભાવે, ગુજરાત કૉલેજ, અમદાવાદ;

૩. પ્રૉફેસર એન. જી. જોષી, મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી, વડોદરા.

૧૦. સિન્ધીની ઍડ-હૉક સમિતિની તા. ૧-૪-૧૯૬૧ની સભાની નીચેની ભલામણ:

"આથી આ ઍડ-હૉક સમિતિ ઍકૅડેમિક કાઉન્સિલ ઉપર સિન્ધી ભાષાના જાણકાર સભ્યની ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૨૧(૧) (એ) મુજબ સમિતિના સિન્ડિકેટ પર સભ્યને કૉ-ઑપ્ટ કરવા ભલામણ કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે, આ યુનિવર્સિટીમાં સિન્ધીના વિષયના કોઈ પ્રૉફેસર નથી તે જોતાં, કોઈ સભ્યને કૉ-ઑપ્ટ કરવા માટેની સિન્ધીની ઍડ-હૉક સમિતિની ભલામણ મંજૂર કરી શકાય તેમ નથી.

૧૧. ભાષાશાસ્ત્ર (Linguistics)ની નવી અભ્યાસસમિતિની રચના કરવા માટે સ્ટે. ૧૦૮માં સુધારો કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સ્ટે. ૧૦૮માં સુધારો કરવા માટેની ઍકૅડેમિક કાઉન્સિલને જરૂર જણાતી નથી.

૧૨. લલિતકળાનો ડિપ્લોમા અભ્યાસક્રમ શરૂ કરવામાં આવ્યો હોઈ, સ્ટે. ૧૦૮માં વિનયન વિદ્યાશાખા નીચે "Board of Studies in Fine Arts" નામની નવી અભ્યાસસમિતિ ઉમેરવા વાસ્તે મજકૂર સ્ટેચ્યૂટમાં સુધારો કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સ્ટે. ૧૦૮માં વિનયન વિદ્યાશાખા હેઠળ 'ફાઇન આર્ટ્સ'નો વિષય ઉમેરીને તે મંજૂર કરવા માટે સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, લલિતકળાઓની જુદી જુદી અભ્યાસસમિતિઓ કાયદેસર રીતે રચી ન શકાય ત્યાં સુધી લલિતકળાઓને લગતા સવાલો જોઈતપાસીને રિપોર્ટ કરવા માટે, નીચેના ચાર

વિષયોના નિષ્ણાતોની ચાર જુદી જુદી સમિતિઓ રચવા માટે ઉપકુલપતિશ્રીને સત્તા આપવી:

૧. ચિત્રકામ અને શિલ્પ,
૨. નાટ્યવિદ્યા,
૩. નૃત્ય,
૪. સંગીત.

૧૩. તા. ૮-૧૧-૧૯૬૦ના રોજ મળેલી તબીબી વિદ્યાશાખાની નીચેની ભલામણ અંગે વિચારણા કરવા બાબત:

"In view of the fact that clinical and practical is far more important in Medical subjects which is always done in pairs of two, and final assessment of every candidate including papers, practicals and clinicals is done by all Examiners sitting together. This Faculty feels that double assessment as far as the papers alone are concerned is not essential, and therefore, the Faculty requests the Academic Council to reconsider the question."

આથી ઠરાવવામાં આવે છે કે, તબીબી વિદ્યાશાખાની અનુસ્નાતક પરીક્ષાઓમાં "ડબલ અને કવૉન્ટિટેટિવ એસેસમેન્ટ" રાખવાનો સિદ્ધાંત સ્વીકારવો, તથા તે પ્રમાણે ધારાધોરણોમાં ઘટતા ફેરફાર સૂચવવા માટે આ બાબત તબીબી વિદ્યાશાખાની વિચારણા માટે મોકલવી.

૧૪. એમ.ડી.ની પરીક્ષામાં ગુણાંક આપવાની પદ્ધતિ કાઢી નાખી હોવાથી રેગ્યુ. ૧૮૫-એ૨૬ કરવા બાબત:

(નોંધ.— રેગ્યુ. ૧૮૫-એ નીચે મુજબ છે:

The standard of passing for M.D. (Part II) Examination shal be as under:

Pass Class:

60% of marks separately in each, *viz.*, (1) papers, (2) practicals and oral examination and, where applicable, in (3) clinical examination.

Distinction:

75% of the total marks, provided the candidate passes the examination at the first attempt.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરની બાબત નં ૧૩ના સંદર્ભમાં આ સવાલ પણ તબીબી વિદ્યાશાખાની વિચારણા માટે મોકલવો.

૧૫. તા. ૮-૧૧-૧૯૬૦ના રોજ મળેલી તબીબી વિદ્યાશાખાની નીચેની ભલામણ અંગે વિચારણા કરવા બાબત:

"અન્ડર-સેક્રેટરી ટુ ધી ગવર્નમેન્ટ ઑફ ગુજરાત, લોકલ સેલ્ફ-ગવર્નમેન્ટ ઍન્ડ પબ્લિક હેલ્થ ડિપાર્ટમેન્ટ, અમદાવાદ, તરફથી આવેલ તા. ૨૭-૮-૧૯૬૦ના પત્રાંક એમ. સી. જી. ૧૨૫૯-૭૦-બી-૨ અંગે વિચારણા કરવામાં આવી અને ઠરાવવામાં આવ્યું કે, એમ.બી., બી.એસ.ના અભ્યાસક્રમમાં દાખલ થવા અંગે ૧૭ વર્ષની મર્યાદા પૂરી થવા બાબતમાં મેડિકલ કાઉન્સિલ ઑફ ઇન્ડિયાની ભલામણોમાં 'Before the beginning of the second term' રાખવા સૂચવ્યું હતું, પરંતુ બધી યુનિવર્સિટીઓમાં એકતા જળવાય તે માટે 'On First October' રાખવા માટે આ યુનિવર્સિટીને કંઈ વાંધો નથી, તેમ ગુજરાત સરકારને જણાવવું અને તે મુજબ ઑર્ડિનન્સ ૨૫૩ સુધારવા એકૅડેમિક કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે."

સુધારેલો ઑર્ડિ. ૨૫૩ (૧) નીચે મુજબ છે:

"Shall have attained the age of 17 years or shall attain that age on First October of the year of their joining the college."

આથી ઠરાવવામાં આવે છે કે, ઑર્ડિનન્સ ૨૫૩ (૧) ઉપર મુજબ વંચાય તે રીતે સુધારવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી.

૧૬. મેડિકલ કાઉન્સિલ ઑફ ઇન્ડિયાએ નીચેની ભલામણ સ્વીકારી છે, તેમ કાઉન્સિલના મંત્રી, તેમના તા. ૪-૧-૧૯૬૧ના પત્રાંક એફ.૨-૪.ટી.૨.૬૦ (૧૮)૮૨૬૯થી જણાવે છે, તે ઉપર તબીબી વિદ્યાશાખાના ઠરાવ ઉપર વિચારણા કરવા બાબત:

"The Council was of the opinion that the Bio-Chemists employed in Medical Colleges to teach medical students should preferably have the basic medical qualifications in addition to the requisite post-graduate qualification in Bio-Chemistry."

મેડિકલ ફૅકલ્ટીનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે, મેડિકલ કાઉન્સિલ ઑફ ઇન્ડિયાનો ઉપર દર્શાવેલો અભિપ્રાય સ્વીકારવો."

આથી ઠરાવવામાં આવે છે કે, તબીબી વિદ્યાશાખાની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૧૭. તા. ૮-૧૧-૧૯૬૦ના રોજ મળેલ તબીબી વિદ્યાશાખાની નીચેની ભલામણ અંગે વિચારણા કરવા બાબત:

"બાયોકેમિસ્ટ્રીના પ્રોફેસરની લાયકાત માટે મેડિકલ કાઉન્સિલ ઑફ ઇન્ડિયાના સેક્રેટરી તરફથી નીચે મુજબ લાયકાત નક્કી થઈ છે. તે અંગે વિચારણા કરી આ ફૅકલ્ટી ઠરાવે છે કે,

તે ફક્ત બાયોકેમિસ્ટ્રીના પ્રોફેસર માટે ગણવી અને ફિઝિયોલોજીના પ્રોફેસર માટે નહિ :

Posts	*Academic qualifications*	*Subjects*
Professor	Where there is a separate department post-graduate/research degree or diploma — M.Sc. with Biochemistry as a special subject or Ph.D., etc."	Biochemistry

આથી ઠરાવવામાં આવે છે કે, તબીબી વિદ્યાશાખાની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૧૮. સિન્ડિકેટે તેની તા. ૩-૧૨-૧૯૬૦ની સભામાં ઑ. ૨૮૨-એ પરત્વે વિચારણા કરવા તબીબી વિદ્યાશાખાને જણાવેલ, તે મુજબ તબીબી વિદ્યાશાખાની તા. ૨૯-૩-૧૯૬૧ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે, ઑ. ૨૮૨-એનો પાઠ આ સાથે આપેલા પરિશિષ્ટ મુજબ રાખવા ઍકેડેમિક કાઉન્સિલ તથા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે."

આથી ઠરાવવામાં આવે છે કે, ઑર્ડિનન્સ ૨૮૨-એ નીચે પ્રમાણે વંચાય તે રીતે મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી :

"For the purposes of approved appointments under N.B. below, Ordinance 65-K (6) and under Ordinance 282 (*iii*) and Ordinance 295 (*iii*), and also for the purposes of approved appointment for the prosecution of diploma courses under Ordinances 300, 358, 359, 360, 361 and 362, etc., it will be competent for an affiliated college or a recognised institution in the Faculty of Medicine to utilise (1) an ancillary non-teaching hospital or a medical institution in the case of post-graduate medical subjects, or (2) an affiliated college or a recognised institution in the case of post-graduate subjects of Pure Science, after obtaining prior approval of the University in the manner stated herebelow provided that such a college or an institution is situated in the same place :

An affiliated college or a recognised institution in the Faculty of Medicine may apply for approval of a hospital or an institution or a college, as mentioned in paragraph (1) above, by addressing an application to the Registrar. The Registrar shall, thereupon, consult the Dean of the Faculty of Medicine and obtain relevant information in respect of the application. The application together with the information thus obtained shall be placed before the Faculty of Medicine for consideration, and the Faculty shall make such

recommendation to the Syndicate as it thinks fit in that behalf. The decision of the Syndicate on the recommendation of the Faculty of Medicine shall be final.

The college or the recognised institution in the Faculty of Medicine shall keep a list of such approved institutions for the guidance of duly registered post-graduate students.

It shall be the duty of the college or the recognised institution concerned to ensure that the position regarding the staff and the facilities on the basis of which the approval of the Syndicate has been earned, shall continue so long as there is any post-graduate student continuing his studies through such approved institution. It shall also be the duty of the college or the institution concerned to get all changes in staff and facilities that subsequently occur in such approved institutions, approved by the Syndicate, provided that the period during which such approval of the Syndicate has not been obtained shall not be counted towards the requirements of minimum attendance by the post-graduate students concerned.

In the event of any doubt or dispute regarding the approval of the hospital, or the college or the institution as the case may be, and regarding attendance of the post-graduate students concerned, the decision of the Vice-Chancellor shall be final."

૧૯. સિન્ડિકેટે તેની તા. ૪-૩-૧૯૬૧ની સભામાં ઓ. ૩૬૪, ૩૬૫-એ અને ૩૬૫-બી, નીચેનાં સૂચનો સાથે પુનર્વિચારણા માટે મોકલ્યાં હોઈ તે અંગે વિચારણા કરવા બાબત :

૧. સ્થાપત્ય, (૨) ચિત્રકળા; તથા (૩) શિલ્પકળાના અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે રાજ્ય સરકારની ઇન્ટરમીડિયેટ પરીક્ષામાં ઉત્તીર્ણ થવાનું ધોરણ આવશ્યક રાખવું જોઈએ નહિ, કેમકે આ વિષયો હવે એસ.એસ.સી.ની કક્ષાએ ઐચ્છિક વિષયો તરીકે શીખી શકાય છે; અને

૨. લલિતકળાઓના અભ્યાસક્રમ માટે બાનગી રાહે અભ્યાસ કરવાની જોગવાઈ કરવાનું સૂચન તપાસવામાં આવે.

૧. આથી ઠરાવવામાં આવે છે કે, ઑર્ડિનન્સ ૩૬૫ નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારવો, તથા ઑર્ડિનન્સ ૩૬૫–એ અને ૩૬૫–બીમાં કશો ફેરફાર કરવો નહિ :

O. 365:

"No student shall be admitted to a course of studies leading to a Diploma in Fine Arts in any of its branches, viz., Dramatics,

Music, Painting & Sculpture, Architecture or Dancing, unless he has passed the S.S.C. Examination of the S.S.C. Examination Board of the Gujarat State with English as one of his subjects, provided that a student seeking admission to a course of studies leading to a Diploma in Fine Arts in the branches of (*i*) Architecture, and (*ii*) Painting & Sculpture shall be further required to have passed either his S.S.C. Examination with Drawing as one of his subjects or Intermediate Examination in Drawing."

૨. આથી ઠરાવવામાં આવે છે કે, લલિતકળાઓનો અભ્યાસ બાનગી રાહે કરવાની જોગવાઈ કરવાનું સૂચન મંજૂર કરવું નહિ.

૨૦. શ્રી. એચ. કે. આર્ટ્સ કૉલેજ, અમદાવાદના આચાર્યશ્રી તરફથી આવેલ તા. ૨૧-૬-૧૯૬૧ના પત્રાંક ૪૩૭ ઉપર વિચારણા કરવા બાબત.

૧. આથી ઠરાવવામાં આવે છે કે, બે પૂર્વસ્નાતક અભ્યાસક્રમો એક સાથે કરી ન શકાય એ ઠરાવ રદ કરવાનું સૂચન મંજૂર કરવું નહિ.

૨. આથી ઠરાવવામાં આવે છે કે, કૉલેજો માટે વધુમાં વધુ ૧૫૦૦ વિદ્યાર્થીઓની સંખ્યાની જે મર્યાદા મૂકેલી છે, તે મર્યાદામાં ડિપ્લોમાના વિદ્યાર્થીઓનો અપવાદ કરવામાં આવે તે સૂચન મંજૂર કરવું નહિ.

૩. આથી ઠરાવવામાં આવે છે કે, પત્રકારત્વના ડિપ્લોમાના અભ્યાસક્રમ માટે પ્રત્યેક વર્ષે યુનિવર્સિટીએ પરીક્ષા લેવાનું રાખ્યું છે તેમાં કશો ફેરફાર કરવો નહિ.

૨૧. આયુર્વેદિક મેડિસિનની ફૅકલ્ટી નીચે શિક્ષકોની શૈક્ષણિક લાયકાત અંગે ફૅકલ્ટીની તા. ૭-૪-૧૯૬૧ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"આયુર્વેદિક મેડિસિનની ફૅકલ્ટીમાં શિક્ષકોની લાયકાત બાબતમાં વિચારણા કરવામાં આવી હતી અને ચર્ચાવિચારણા બાદ નીચે મુજબ નક્કી કરવામાં આવ્યું :

આથી આ ફૅકલ્ટી એકૅડેમિક કાઉન્સિલ તથા સિન્ડિકેટને ભલામણ કરે છે કે, આયુર્વેદિક મેડિસિનની ફૅકલ્ટી માટે શિક્ષકોની લાયકાત નીચે મુજબ રાખવી :

The following shall be the minimum standard for the appointment of teachers in the Faculty of Ayurvedic Medicine :

(*a*) (1) the minimum general education shall be the passing of S.S.C. or its equivalent examination; and

(2) The teachers must have qualified from an Ayurvedic Institution recognised by the Government, which offers 4½ years' training course.

(*b*) The minimum teaching experience for teachers in the subjects of Ayurveda shall be as follows:

For Lecturers	:	Two years or five years professional standing.
For Asst. Professors	:	Three years or seven years professional standing.
For Professors	:	5 years or 10 years professional standing.

Note.—For appointment to the posts of Demonstrators, no teaching experience shall be insisted upon.

(*c*) In case of teachers imparting instructions in the subjects of Modern Medicine the following shall be the minimum qualifications:

For Lecturers :

M.B.,B.S. with 1 year's teaching experience or 3 years' professional standing.

For Asst. Professor :

M.B.,B.S. with 2 years' teaching experience or 4 years' professional standing.

For Professors :

Post-graduate qualification with 1 year's teaching experience or 3 years' professional standing or M.B.,B.S. with 3 years' teaching experience or 5 years' professional standing."

(*Note.*—For appointment to the posts of Demonstrators no teaching experience shall be insisted upon.)

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૨૨. આયુર્વેદિક મેડિસિનની ફેકલ્ટીની તા. ૭-૪-૧૯૬૧ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત:

"આથી આ ફેકલ્ટી યુનિવર્સિટીનાં અધિકૃત મંડળોને સર્વાનુમતે ભલામણ કરે છે કે, આયુર્વેદિક મેડિસિનની ફેકલ્ટી હેઠળ એસ.એસ.સી. પદવી પછી ૪ વર્ષના અભ્યાસક્રમોવાળો આયુર્વેદનો ડિપ્લોમા કોર્સ દાખલ કરવો, અને તે અભ્યાસક્રમમાં પ્રવેશ આપવાનું ધોરણ

વિદ્યાર્થીએ એસ.એસ.સી. પરીક્ષા સંસ્કૃત વિષય સાથે પાસ કરેલી હોવી જોઈએ, તેમ રાખવું.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૨૩. અૅકેડેમિક કાઉન્સિલની તા. ૧૬/૧૭-૨-૧૯૬૧ની સભાની ભલામણ અનુસાર સુધારેલા કામચલાઉ રેગ્યુ. ૧૨ તથા ૨-એ તથા રેગ્યુ. ૮, ૯, ૨૦૩ અને ૨૮૪ નીચેના સૂચન સાથે સિન્ડિકેટે પુનર્વિચારણા માટે મોકલ્યા હોઈ તે અંગે વિચારણા કરવા બાબત:

"કૉલેજોમાં જોડાઈને અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ તથા બાનગી રાહે અભ્યાસ કરીને પરીક્ષામાં બેસનાર વિદ્યાર્થીઓને માટે કુલ પ્રશ્નપત્રો તથા તેના ગુણાંક બાબતમાં ભેદભાવ રાખવો જોઈએ નહિ, એ બાબત લક્ષમાં રાખીને 'ઇન્ટર્નલ ઇવેલ્યુએશન'ની પદ્ધતિ દાખલ કરવા માટે આ યુનિવર્સિટીના ધારાધોરણમાં ઘટતા ફેરફાર સૂચવવા."

આથી ઠરાવવામાં આવે છે કે, સને ૧૯૬૧-૬૨ના વર્ષ દરમિયાન 'ઇન્ટર્નલ ઇવેલ્યુએશન' અંગે જે કામચલાઉ વ્યવસ્થા સૂચવવામાં આવી હતી તે આ તબક્કે અમલમાં આવી શકે તેમ નથી તે જોતાં, સદરહુ બાબત પરત્વે કશું કરવાપણું રહેતું નથી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, ત્રણ વર્ષના સુગ્રથિત અભ્યાસક્રમના અમલની સાથે પ્રત્યેક વિષયમાં ૩૦ ટકા જેટલા ગુણ 'ઇન્ટર્નલ ઇવેલ્યુએશન' માટે અનામત રહે તે પ્રમાણે ધારાધોરણો ઘડવા માટે વિનયન, વિજ્ઞાન અને વાણિજ્યની વિદ્યાશાખાઓને ફરી એક વાર જણાવવું.

૨૪. આ યુનિવર્સિટી કે બીજી કોઈ યુનિવર્સિટીની એમ.એ. પરીક્ષા જે વિષયો સાથે વિદ્યાર્થીએ પસાર કરી હોય તે જ વિષયો સાથે બી.એ.ની પરીક્ષામાં ફરી વર્ગ મેળવવાની દૃષ્ટિએ બી.એ. (સ્પેશિયલ કે જનરલ) પરીક્ષામાં બેસવાની પરવાનગી આપી શકાય નહિ એવા અૅકેડેમિક કાઉન્સિલના તા. ૨૪-૧-૧૯૬૧ના ઠરાવ અન્વયે, રે. ૧૭(૨)માં જરૂરી સુધારો કરી રે. ૧૭ (૬) ઉમેરવા બાબત:

R. 17(6):

"No candidate shall be permitted to appear for the B.A. (Special or General) Examination with the same subjects with which he has passed the Degree Examination of the Master of Arts."

આથી ઠરાવવામાં આવે છે કે, રેગ્યુલેશન ૧૭(૬) નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારવો:

"No candidate shall be permitted to appear for the B.A. (Special or General) Examination with the same subjects with which he has passed the M.A. Degree Examination"

૨૫. મનોવિજ્ઞાનની અભ્યાસસમિતિની તા. ૬-૯-૧૯૬૦ તથા તા. ૧૩-૧-૧૯૬૧ની સભાની ભલામણ ઉપરની નીચેની બાબતો ઉપર વિચારણા કરવા બાબત:

૧. "બી.એ. મનોવિજ્ઞાનના અભ્યાસક્રમને લગતા રેગ્યુ. ૧૬ તથા ૧૮માં આ સાથે આપેલા પરિશિષ્ટ મુજબ સુધારો કરવા બાબત.

૨. "સુધારેલા પ્રશ્નપત્રમાં (*iii*) Experimental Psychology — Theory, and (*iv*) Experimental Psychology — Practical — Compulsory for B.A. (Special) Examination for regular students' only (i.e., Inter collegiate students) રાખવાથી તેની નોંધ નીચે મુજબ રાખવી.

Note.— External candidate offering Psychology cannot offer Psychology (Special) at B.A. Examination."

૩. "વધુમાં ભલામણ કરવામાં આવે છે કે, નવો અભ્યાસક્રમ શૈક્ષણિક વર્ષ જૂન, ૧૯૬૩થી અમલમાં લાવવો, એટલે તે અભ્યાસક્રમ પ્રમાણેની પ્રથમ પરીક્ષા માર્ચ/એપ્રિલ ૧૯૬૫માં લેવાશે.

જૂના અભ્યાસક્રમ પ્રમાણેની છેલ્લી પરીક્ષા ૧૯૬૬ના માર્ચ/એપ્રિલ માસમાં લેવી અને તે પછી જૂના અભ્યાસક્રમ પ્રમાણે પરીક્ષા લેવી નહિ."

આથી ઠરાવવામાં આવે છે કે, ત્રણ વર્ષના સુગ્રથિત અભ્યાસક્રમને લક્ષમાં લઈને આ બાબત અંગે ફરી વિચારણા કરવા માટે મનોવિજ્ઞાનની અભ્યાસસમિતિને જણાવવું.

૨૬. પ્રથમ વર્ષ (પ્રી-યુનિ.) વિજ્ઞાનની પરીક્ષામાં વિદ્યાર્થીએ તેણે વિજ્ઞાનના વિષયોમાં મેળવેલ ગુણના આધારે વર્ગ આપવામાં આવે છે, તે જોતાં ભાષાકીય જૂથના બન્ને વિષયોમાં કે તે પૈકી એકમાં મુક્તિ રાખી બેસતા વિદ્યાર્થીઓને તેમણે વિજ્ઞાનના વિષયોમાં મેળવેલ ગુણના આધારે મુક્તિ આપવા અંગેની સ્પષ્ટતા ટ્રાન્ઝિટરી રેગ્યુ. ૨માં નહિ હોવાથી તે સ્પષ્ટ કરતા કાર્યાલયે સૂચવેલ સુધારેલા રેગ્યુ. ૨ પર વિચારણા કરવા બાબત અને એ જ ધોરણે દ્વિતીય વર્ષ વિજ્ઞાન (Inter Science)ના રે. ૭૩માં પણ સ્પષ્ટતા કરવી જરૂરી હોવાથી કાર્યાલયે સૂચવેલ રે. ૭૩ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, કાર્યાલયે સૂચવ્યા પ્રમાણે ટ્રાન્ઝિટરી રેગ્યુલેશન નં. ૨ અને ૭૩ સુધારવા અને તેને તાત્કાલિક અમલમાં મૂકવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી.

(સુધારેલા રેગ્યુલેશન ૨ અને ૭૩ની નકલ પરિશિષ્ટ 'ગ' તરીકે સામેલ છે.)

૨૯. તા. ૧૦-૧-૧૯૬૧ના રોજ મળેલી જીવવિજ્ઞાનની અભ્યાસસમિતિની નીચેની ભલામણ અંગે વિચારણા કરવા બાબત:

"દ્વિતીય વર્ષ વિજ્ઞાનની પરીક્ષાના રે. ૭૧માં બાયોલોજીની પ્રાયોગિક પરીક્ષાના (એ) (૧)માં નીચેની નોંધ ઉમેરવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે :

N.B.— The dissection of circulatory system of Lobster is not expected from the students."

આથી ઠરાવવામાં આવે છે કે, જીવવિજ્ઞાનની અભ્યાસસમિતિની ઉપરની ભલામણ મંજૂર કરવા તથા તે પ્રમાણે રેગ્યુલેશન ૭૧માં સુધારો કરવા માટે તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી.

૨૮. બી.એસસી. પરીક્ષામાં પ્રાયોગિકમાં તેમ જ વાર્ષિક કામમાં જુદું પાસ થવું જરૂરી છે કે કેમ તે અંગે સ્પષ્ટતા કરીને રે. ૬૮-એ સુધારવા બાબત.

(નોંધ.—અત્યારે ક્રેડિટ અને પ્રાયોગિક પરીક્ષામાં મળેલા ગુણ ભેગા ગણીને પરિણામ બહાર પાડવામાં આવે છે.)

રે. ૭૮-એ નો પાઠ નીચે મુજબ છે :

At the B.Sc. Examination 20 per cent of the marks in practical shall be reserved for the credit to be given to the candidates by the respective colleges for their day to day work and test examination in practicals conducted by the college in the principal subject. The remaining 10 per cent of the marks for practicals shall be assined to the candidate's performance at the practical examination held by the University.

In order to pass the examination the candidate must obtain 33 per cent of the marks in credit, i.e. day-to-day work as well as in the University Practical Examination.

આથી ઠરાવવામાં આવે છે કે, રેગ્યુલેશન ૭૮નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારવા તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી :

"At the B.Sc. Examination 20 per cent of the marks in practical shall be reserved for the credit to be given to the candidates by the respective college for their day to day work and test examination in practicals conducted by the colleges in the principal subject. The remaining 80 per cent of the marks for practicals shall be assigned to the candidate's performance at the practical examination held by the University.

In order to pass the examination the candidate must obtain 33 per cent of the marks separately in credit as well as in the University Practical Examination."

૨૯. તા. ૩-૨-૧૯૬૧ના રોજ મળેલી વિજ્ઞાનની વિદ્યાશાખાએ રસાયણવિજ્ઞાનનો અભ્યાસસમિતિની ભલામણ ઉપરથી કરેલી નીચેની ભલામણ અંગે વિચારણા કરવા બાબત:

"વધુમાં બી.એસસી. (મુખ્ય) કેમિસ્ટ્રીની પ્રાયોગિક પરીક્ષા માટે માર્ક્સની વહેંચણી નીચે મુજબ રાખવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે :

The distribution of marks at the B.Sc. (Practical) Exami-

nation will be as four practicals and the distribution as follows:

1. Physical Chemistry	..	30 marks
2. Organic Chemistry	..	45 marks
3. Inorganic Quantitative Analysis	..	55 marks
4. Inorganic Qualitative Anaysis	..	30 marks
Total	..	160 marks

(નોંધ.—ઉપરની નોંધ રે. ૭૭ (૩–કેમિસ્ટ્રી) ના મથાળા હેઠળ ઉમેરવાની રહેશે)."

આથી ઠરાવવામાં આવે છે કે, બી.એસસી. (મુખ્ય) કેમિસ્ટ્રીની પ્રાયોગિક પરીક્ષા માટે ગુણની વહેંચણી અંગે નીચે પ્રમાણે ધોરણ રાખવા સિન્ડિકેટને ભલામણ કરવી:

"In the B.Sc. (Practical) Examination the distribution of marks shall be as follows:

1. Physical Chemistry	..	..	..	30 marks
2. Organic Chemistry	..	..	..	45 marks
3. Inorganic Quantitative Analysis	..	..		55 marks
4. Inorganic Qualitative Analysis	..	..		30 marks
Total	..			160 marks."

૩૦. મેતીવાડીની અભ્યાસસમિતિની તા. ૧૭-૫-૧૯૬૧ની સભાની ભલામણ અનુસાર (૧) પ્રી-યુનિ. (એગ્રિ.)ના અભ્યાસક્રમને લગતા આં. ૨૪૦-એ, ૨૪૦-બી, ૨૪૦-સી તથા રેગ્યુ. ૧૩૧-એ, ૧૩૧-બી, ૧૩૧-સી, ૧૩૧-ડી, ૧૩૧-ઈ; તથા (૨) બી.એસસી. (એગ્રિકલ્ચર)ના પ્રથમ વર્ષના અભ્યાસક્રમને લગતા આં. ૨૪૦-ડી, ૨૪૦-ઈ; તથા રેગ્યુ. ૧૩૧-એફ, ૧૩૧-જી અને ૧૩૧-એચ મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, પ્રી-યુનિવર્સિટી એગ્રિકલ્ચરના અભ્યાસક્રમને લગતા ઑર્ડિનન્સ ૨૪૦-એ, ૨૪૦-બી, ૨૪૦-સી તથા રેગ્યુલેશન ૧૩૧-એ, ૧૩૧-બી, ૧૩૧-સી, ૧૩૧-ડી, અને ૧૩૧-ઈ; તથા બી.એસસી. એગ્રિકલ્ચરના પ્રથમ વર્ષના અભ્યાસક્રમને લગતા ઑર્ડિનન્સ ૨૪૦-ડી અને ૨૪૦-ઈ; તથા રેગ્યુલેશન ૧૩૧-એફ, ૧૩૧-જી અને ૧૩૧-એચ મંજૂર કરવા તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, આ સુધારેલા ઑર્ડિનન્સો હેઠળ આગળના વર્ગોમાં સત્રો રાખવાનો લાભ ભૂતકાળ (retrospectively)થી લાગુ પાડવાની અભ્યાસસમિતિની ભલામણ મંજૂર કરવી નહિ.

(સુધારેલા ઑર્ડિનન્સો તથા રેગ્યુલેશનોની નકલ **પરિશિષ્ટ 'ઘ'** તરીકે સામેલ છે.)

૩૧. અૅકેડેમિક કાઉન્સિલની આગામી સભા સમક્ષ નીચેનો ઠરાવ રજૂ કરવાની શ્રી. ડાલરરાય માંકડે નોટિસ આપી છે:

"બી.એડ.ની પરીક્ષાના હાલના અભ્યાસક્રમમાં વિકલ્પ તરીકે હાલ સરકારી જી.બી.ટી.સી.નો જે અભ્યાસક્રમ છે તેનો સમાવેશ કરવો અને તે અભ્યાસક્રમ મુજબ પાસ થનારને બી.એડ.

(basic) એવી ડિગ્રી આપવી એમ એકેડેમિક કાઉન્સિલની આ સભા ઠરાવે છે. આને અંગે જરૂરી પગલાં લેવાનું પણ ઠરાવવામા આવે છે."

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબત અંગે વિચારણા કરીને રિપોર્ટ રજૂ કરવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ નીમવી :

૧. ઉપકુલપતિશ્રી;
૨. શ્રી. ભગનભાઈ પ્ર. દેસાઈ;
૩. શ્રી. ચન્દ્રવદન ચુ. શાહ;
૪. શ્રી. રોલરરાય ર. ભાંકડ;
૫. શ્રી. એમ. એમ. શુકલ;
૬. શ્રી. પી. કે. ત્રિવેદી.

૩૨. બી.એ. ૧૯૬૨ અને ૧૯૬૩ના વર્ષની ફરજિયાત અંગ્રેજી વિષયની પરીક્ષામાં ગદ્ય અને પદ્યનાં પાઠયપુસ્તકોમાંથી સંદર્ભ સાથે સમજૂતીના પ્રશ્નો પૂછવા બાબતમાં એકેડેમિક કાઉન્સિલની તા. ૨૩/૨૪-૧-૧૯૬૧ની સભાના ઠરાવો અંગે સ્પષ્ટતા કરવા બાબત.

"બી.એ. ફરજિયાત અંગ્રેજી વિષયમાં જ્યાં જ્યાં કવિતા અને નાટકનાં પુસ્તકોનો અભ્યાસ કરવાનો હોય છે, તેમાં જ રેફરન્સના સવાલો પુછાશે. ગદ્યમાં રેફરન્સના સવાલો નહિ પુછાય. આ અંગેની સૂચના સને ૧૯૬૧ના વર્ષમાં લેવાનારી પરીક્ષાના પરીક્ષકોને પણ આપવી.

બી.એ.ના રેગ્યુ. ૧૮માં નીચેની નોંધ ઉમેરવા બાબત:

Note.— The questions on reference to context will be asked from the text-books prescribed for poetry and drama only for Compulsory English at B.A. Examination."

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ ભલામણ મંજૂર કરવી નહિ.

"સને ૧૯૬૩માં લેવાનારી, બી.એ., એમ.એ., બી.કોમ., અને લો પ્રિલિમિનરી પરીક્ષા માટેનાં અંગ્રેજી વિષયનાં આ સાથેના પરિશિષ્ટમાં જણાવ્યા મુજબનાં પાઠયપુસ્તકો નિયત કરવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે.

વધુમાં નીચેની નોંધ સને ૧૯૬૨ માટે ભલામણ કરેલા બી.એ.ના પાઠયપુસ્તક માટે ઉમેરવા ભલામણ કરવામાં આવે છે:

(૨) સને ૧૯૬૨ના વર્ષમાં થનારી બી.એ. ફરજિયાત અંગ્રેજી વિષયની પરીક્ષા માટે નિયત કરેલ પાઠયપુસ્તક 'Selections from the Poems of William Wordsworth' (The Cambridge University Prees) માંથી પાનાં ૧થી ૫૧માં સમાયેલાં કાવ્યો ((1) Remembrance of Collins; (2) From Peter Bell; (3) Selections from Michael; (4) Joanna; (5) Yew-trees; and (6) Yarrow-Univisited સિવાયનાં) વિગતવાર અભ્યાસ માટે છે, અને તેમાંથી સંદર્ભ સાથે સમજૂતીના પ્રશ્નો પૂછી શકાશે. બાકીનાં કાવ્યો સામાન્ય અભ્યાસ માટે છે અને તેમાંથી સંદર્ભ સાથે સમજૂતીના પ્રશ્નો પૂછાશે નહિ."

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ અભ્યાસસમિતિની ઉપરની ભલામણ મંજૂર કરવી.

આથી સ્પષ્ટતા કરવામાં આવે છે કે, બી.એ.ના પ્રશ્નપત્ર નં. ૨ માં ફક્ત ગદ્યના પુસ્તકોમાંથી સંદર્ભ સાથે સમજૂતી (reference to context)ના સવાલો પૂછી શકાય નહિ, પણ કવિતા અને નાટકોમાંથી પૂછી શકાય. તે અંગે પ્રાપ્તિકોને ઘટતી સૂચના આપવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.

૩૩. અખિલ ભારતીય શૈક્ષણિક પરિષદે તેના કાનપુર ખાતે મળેલ ૩૫મા અધિવેશનમાં પસાર કરેલ નીચેના પ્રસ્તાવ પર વિચારણા કરવા "ઑલ-ઇન્ડિયા ફેડરેશન ઑફ એજ્યુકેશનલ અૅસોસિયેશન" ના મંત્રી તરફથી આવેલ તા. ૧૬-૨-૧૯૬૧નો પત્રાંક ૨૩૦.

VI. This conference commends to all the Universities of India the example of the British and American Universities in the sphere of Social Education and pleads for the adaption by them of a liberal attitudes towards Social Education. It is upto the Universities of this country to make their contribution towards the expansion of Social Education.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની નોંધ લેવી.

૩૪. ગુજરાત સ્ટેટ કો-ઑપરેટિવ યુનિયન, અમદાવાદના વાઇસ-ચૅરમૅન તરફથી કો-ઑપરેશનનો અનુસ્નાતક ડિપ્લોમા અભ્યાસક્રમ આ યુનિવર્સિટીમાં દાખલ કરવા બાબતમાં આવેલ તા. ૨૨-૫-૧૯૬૧ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સહકાર (co-operation)ના વિષયના અભ્યાસ માટે અનુસ્નાતક ડિપ્લોમા સ્થાપવા માટે સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી.

૩૫. ગુજરાત રાજ્યના ડેપ્યુટી ઇન્સ્પેક્ટર જનરલ ઑફ પોલિસ તરફથી આ યુનિવર્સિટીમાં "ક્રિમિનોલોજી અને ફોરેન્સિક સાયન્સ"નો અભ્યાસક્રમ દાખલ કરવા અંગે આવેલ સૂચન પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ક્રિમિનોલોજી અને ફોરેન્સિક સાયન્સનો અભ્યાસક્રમ દાખલ કરવાનું સૂચન હાલ સ્વીકારવું નહિ.

૩૬. યુનિવર્સિટીના અભ્યાસક્રમમાં લશ્કરી તાલીમને સ્થાન આપવા અંગેના સૂચન તથા એન.સી.સી.ના કૅડેટોને પરીક્ષાના પરિણામમાં શરત (concession) આપવા અંગેના સૂચન બાબતના એન.સી.સી.ના કમાન્ડરના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોક્ત બેઉ સૂચનો નામંજૂર કરવાં.

૩૭. જૂના મુંબઈ રાજ્યની બધી યુનિવર્સિટીઓની જુદી જુદી વિદ્યાશાખાઓમાં લેવાતી પરીક્ષાઓમાં ઉત્તીર્ણતા તથા વર્ગ મેળવવા માટે એક સરખું ધોરણ રાખવા અંગે ઉપકુલપતિશ્રીઓના સંયુક્ત મંડળના ઠરાવ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, આ યુનિવર્સિટીની જુદી જુદી વિદ્યાશાખાઓમાં લેવાતી પરીક્ષાઓમાં ઉત્તીર્ણતા તથા વર્ગ મેળવવા માટે, જૂના મુંબઈ રાજ્યની યુનિવર્સિટીઓના ઉપકુલપતિઓના સંયુક્ત મંડળની તા. ૮-૨-૧૯૬૦ની સભામાં કરવામાં આવેલી ભલામણો મંજૂર કરવી, તથા તે પ્રમાણે યુનિવર્સિટીનાં ધારાધોરણોમાં ઘટતા ફેરફારો કરીને તેનો મુસદ્દો રજૂ કરવા માટે કાર્યાલયને જણાવવું.

૩૮. તા. ૩-૨-૧૯૬૧ના રોજ મળેલ વિજ્ઞાનની વિદ્યાશાખાની નીચેની ભલામણ અંગે વિચારણા કરવા બાબત:

"એમ.એસસી.ની પરીક્ષા બે વર્ષે લેવાય છે તેને બદલે બે પગથિયે (at two stages) લેવા અંગેની રસાયણશાસ્ત્રની અભ્યાસસમિતિની ઉપર્યુક્ત ભલામણ ઉપર વિજ્ઞાનની વિદ્યાશાખાએ જુદી જુદી અભ્યાસસમિતિઓના અભિપ્રાય માગ્યા હતા. તે ઉપર વિચારણા કરી આ વિદ્યાશાખા એકૅડેમિક કાઉન્સિલ તથા સિન્ડિકેટને ભલામણ કરે છે કે, એમ.એસસી.ની પરીક્ષા બે વર્ષની આખરે લેવાય છે, તેને બદલે બે પગથિયે (at two stages) રાખવી અને તે માટે યોગ્ય પ્રબંધ કરવો."

આથી ઠરાવવામાં આવે છે કે, વિજ્ઞાનની વિદ્યાશાખાની ઉપરની ભલામણ મંજૂર કરવી, તથા તે પ્રમાણે ધારાધોરણોમાં ઘટતા ફેરફારો કરીને રજૂ કરવા માટે વિજ્ઞાનની વિદ્યાશાખાને જણાવવું.

૩૯. એકૅડેમિક કાઉન્સિલની તા. ૨૧-૧૧-૧૯૬૦ની સભામાં, પ્રિ. રો. ય. ગુ. નાયકના મોકૂફ રહેલ નીચેના ઠરાવ પર વિચારણા કરવા બાબત:

"All post-graduate degree should be awarded only in the second class with 50% marks except when passed with exemptions in one or more papers practicals or subjects. In any head of passing, a candidate can get exemption provided he gets 50% marks."

બાબત નં. ૩૭માં થયેલા નિર્ણયને અનુલક્ષીને રો. ય. ગુ. નાયકે સભાગૃહની સંમતિથી પોતાનો પ્રસ્તાવ પાછો ખેંચી લીધો, એટલે તે પરત્વે કશું કરવાપણું રહ્યું નહિ.

૪૦. ઇન્ટર-યુનિવર્સિટી બોર્ડ ઑફ ઇન્ડિયાના મંત્રી તરફની આવેલ તા. ૩-૧-૧૯૬૧ના પત્રાંક પ૧૨૬-ઈ/૭/૬૦-૬૧ પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની નોંધ લેવી.

૪૧. ગુજરાત યુનિવર્સિટીની અભ્યાસસમિતિઓના બંધારણમાં ફેરફાર સૂચવવા રો. વિક્રમ સારાભાઈ વગેરે તરફથી સેનેટની તા. ૨૦/૨૧-૧૨-૧૯૬૦ની સભામાં રજૂ કરાયેલા ઠરાવ જે સેનેટે સિન્ડિકેટને તથા સિન્ડિકેટે એકૅડેમિક કાઉન્સિલને વિચારણા માટે મોકલેલ તે ઉપર એકૅડેમિક કાઉન્સિલે તેની તા. ૨૩/૨૪-૧-૧૯૬૧ની સભામાં નીમેલી સમિતિની તા. ૨૨-૩-૧૯૬૧ની સભાની નોંધ પર વિચારણા કરવા બાબત.

આથી દરાવવામાં આવે છે કે, ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૨૫માં તાજેતરમાં જે સુધારો કરવામાં આવ્યો છે, તે જોતાં સદરહુ બાબત પરત્વે કશું કરવાની જરૂર એકેડેમિક કાઉન્સિલને જણાતી નથી, એમ સિન્ડિકેટને જણાવવું.

બાબત નં. ૪૨, ૪૩ અને ૪૪ની વિચારણા એક સાથે કરવામાં આવી.

૪૨. યુનિવર્સિટીના વિદ્યાભવનોના પ્રોફેસરો અને રીડરોને આપોઆપ પીએચ.ડી. પદવી માટે સંશોધન માટે માર્ગદર્શન આપવા સારુ માન્યતા આપવાની બોર્ડ ઓફ યુનિવર્સિટી ટીચિંગની ભલામણ સિન્ડિકેટે મંજૂર રાખેલી હોવાથી તે અંગેનો ઓર્ડિનન્સ ૬૫-એલ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવા બાબત:

O. 65-L:

Full-time Professors and Readers in the University Departments shall be deemed to have been recognised as teachers of the University for giving instructions for the Master's Degree and for guiding research for the Ph.D. Degree in their respective subjects."

૪૩. યુનિવર્સિટીના વિદ્યાભવનમાં પ્રોફેસરો અને રીડરોને પીએચ.ડી. પદવી માટે માન્ય અનુસ્નાતક શિક્ષક તરીકે આપોઆપ માન્ય થયેલા ગણવા તેમ જ ફક્ત સંશોધન માટે માન્ય થયેલી સંસ્થાઓમાં કામ કરતા શિક્ષકો જો યુનિવર્સિટી ડિપાર્ટમેન્ટના રીડરો માટે નિયત કરેલ લાયકાત ધરાવતા હોય તો તેમને પણ પીએચ.ડી. પદવી સંશોધન માટે માન્યતા આપવી, એવી બોર્ડ ઓફ યુનિવર્સિટી ટીચિંગની ભલામણ સિન્ડિકેટે સ્વીકારેલી હોવાથી ઓ. ૬૫-એચ માં સુધારો કર્યો તેની હેઠળ (ડી) અને (ઈ) તરીકે નીચેની બાબત ઉમેરવા બાબત:

(*d*) "Notwithstanding anything contained elsewhere in the ordinances a Professor or a Reader in a University Department shall be deemed to have been recognised as a post-graduate teacher for guiding students for research for the Ph.D. Degree examination in the subject in which such Professor or Reader has specialised."

(*e*) "Notwithstanding what is stated above, teacher in an Institution recognised by this University for research only who possesses the minimum qualifications laid down by the University for the appoinments the post of a Reader in a University Department shall also be deemed to have been recognised as a post-graduate teacher for guiding students for research for the Ph.D. Degree examination in the subject in which such teacher has specialised."

અને

૪૪. કૉલેજો/સંસ્થાઓમાં કામ કરતા શિક્ષકો જો યુનિવર્સિટીનાં વિદ્યાભવનોના રીડરો માટે નિયત કરેલી ઓછામાં ઓછી લાયકાત ધરાવતા હોય તેવા શિક્ષકોને પણ પીએચ.ડી. પદવી અંગેના સંશોધન માટે માર્ગદર્શન આપવા સારુ માન્ય કરવા બાબતની બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની ભલામણ સિન્ડિકેટે મંજૂર રાખેલી હોવાથી તે સંશોધનથી માન્યતા આપવા અંગેના ઑ. ૬૫-એચ. હેઠળ નોંધ નં. ૧ નીચે મુજબ નવેસર મૂકવા બાબત:

"*Note.*—(1) In the recognised institutions which admit students for research for Ph.D. only, the teachers possessing the minimum qualifications laid down by the University for the appointment of Readers in the University Departments shall be deemed to have been recognised as post-graduate teachers for guiding students for the Ph.D. Degree in their respective subjects."

આથી મૂળ ઑ. ૬૫-એચ હેઠળની નોંધ 'એ' નોંધ ૨ મુજબ નીચે પ્રમાણે વંચાશે:

(2) In regard to a research institution which admits students for Ph.D. only, this qualifications of five years recognised post-graduate teachers' standing in (*c*) above may be condoned if the applicant for recognition as a recognised teacher for guiding Ph.D. studies from such an institution, has at least three years' standing in the institution and during that period he has to his credit his own independent research publications of recognised merit over and above the one for which he might have got his research degree (i.e., excluding those based on the thesis submitted for any research degree)."

(નોંધ.—હાલમાં ઉપર (૨) તરીકે આપવામાં આવેલ નોંધ ઑ. ૬૫-એચ હેઠળ છે, જ્યારે નોંધ ૧ સુધારાને અનુલક્ષીને નવેસર ઉમેરવામાં આવી છે.)

લંબાણ ચર્ચાવિચારણાને અંતે નીચે પ્રમાણે ઠરાવવામાં આવ્યું:

૧. આથી ઠરાવવામાં આવે છે કે, હાલના ઑર્ડિનન્સ ૬૫-એલના પાઠમાં કશો ફેરફાર કરવો નહિ.

૨. આથી ઠરાવવામાં આવે છે કે—

(૧) ઑર્ડિનન્સ ૬૫-એચની નોટમાં નીચે પ્રમાણે ઉમેરો કરવો, તથા તેને નોટ નં. ૧ એવો ક્રમાંક આપવો:

"*Note 1.*—In the recognised institutions which admit students for research for Ph.D. only, the teachers possessing the minimum qualifications laid down by the University

for the appointment of Readers in the University Departments shall be deemed to have been recognised as post-graduate teachers for guiding students for the Ph.D. Degree in their respective subjects."

(૨) ઑર્ડિનન્સ ૬૫-એચની હાલની નોટને નીચે મુજબ વંચાય તે રીતે સુધારવી, તથા તેને નોટ નં. ૨ તરીકે લેવી :

"*Note* 2.—In regard to a research institution which admits students for Ph.D. only, or a University Department, this qualification of five years' standing as a recognised post-graduate teacher in (*c*) above may be condoned if the applicant for recognition as a recognised teacher for guiding Ph.D. students for such an Institution or Department has at least three years' standing in the Institution or the Department, as the case may be, and during that period he has to his credit his own independent research publications of recognised merit over and above the one for which he might have got his research degree (i.e., excluding those based on the thesis submitted for any research degree)."

૪૫. વિનયન, વિજ્ઞાન અને વાણિજ્યની વિદ્યાશાખાઓમાં પ્રાધ્યાપકની નિમણૂક અંગેની ઓછામાં ઓછી લાયકાતનાં ધારાધોરણોની પુનર્વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબત પરત્વે વિચારણા કરીને રિપોર્ટ કરવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ નીમવી :

૧. વિનયન વિદ્યાશાખાના ડીન;
૨. વિજ્ઞાન વિદ્યાશાખાના ડીન;
૩. વાણિજ્ય વિદ્યાશાખાના ડીન;
૪. આચાર્ય ય. પ્રા. શુકલ;
૫. આચાર્ય જે. બી. સણ્ડિલ;
૬. આચાર્ય જે. એચ. અધ્વર્યુ.

૪૬. સેનેટે તેની તા. ૨૯/૩૦-૬-૧૯૬૧ની સભામાં પુનર્વિચારણા માટે મોકલેલ ઑ. ૧૩૯ના પાઠ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સભાગૃહમાં થયેલી ચર્ચાને અનુલક્ષીને ઑર્ડિનન્સ ૧૩૯ના પાઠમાં ઘટતો સુધારો કરીને તેનો મુસદ્દો આ સભાગૃહ સમક્ષ રજૂ કરવા માટે કાર્યાલયને જણાવવું.

૪૭. તા. ૨૩/૨૪-૧-૧૯૬૧ના રોજ મળેલી એકૅડેમિક કાઉન્સિલની સભાની નોંધમાં બાબત નં. ૪૨ (સંસ્કૃતની અભ્યાસસમિતિની ભલામણ) પરનો ઠરાવ નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારીને 'નહિ' શબ્દ ભૂલથી ઉમેરાયો હતો તે ભૂલ સુધાર્યાના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત:

"આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ અભ્યાસસમિતિની ઉપરની ભલામણ મંજૂર કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવી.

(મંજૂર કરવામાં આવેલાં પાઠ્યપુસ્તકોની યાદીની નકલ **પરિશિષ્ટ "ચ"** તરીકે સામેલ છે.)

૪૮. ગુજરાતીની અભ્યાસસમિતિની નીચેની ભલામણ એકૅડેમિક કાઉન્સિલની મંજૂરીની અપેક્ષાએ મંજૂર કર્યા બદલના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત:

"આથી એકૅડેમિક કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે, પ્રથમ વર્ષ કૃષિવિદ્યાની ૧૯૬૨ના વર્ષમાં લેવાનારી ગુજરાતી વિષયની પરીક્ષા માટે નીચે જણાવેલાં પુસ્તકો નિયત કરવાં:

ગદ્ય:

'સરસ્વતીચંદ્ર' — ભાગ બીજો ... લે. ગો. મા. ત્રિપાઠી

પદ્ય:

'મનીષા' (સોનેટસંગ્રહ: સોનેટ નં. ૧થી ૫૨ સુધી.)

સંપાદકો: મીનુ દેસાઈ અને રમણલાલ શાહ

(આર. આર. શેઠની કંપની, મુંબઈ-૨.)"

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવી.

૪૯. એમ.એ. ઇન્ડિયન સાયકોલોજીના નવા અભ્યાસક્રમ મુજબની પરીક્ષા જે અગાઉ માર્ચ/એપ્રિલ ૧૯૬૩થી લેવાનું શરૂ કરવામાં આવવાનું હતું તેને બદલે તે પરીક્ષા માર્ચ/એપ્રિલ ૧૯૬૨થી લેવાના ઉપકુલપતિશ્રીના આદેશની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવી.

૫૦. નીચે જણાવેલ વ્યક્તિઓનાં નામ સામે જણાવેલ પદવી માટે આવેલ મહાનિબંધો અંગે આવેલા રેફરીઓના અહેવાલો:

નામ	વિષય	પદવી
૧. શ્રી. પી. આર. પટાણ	રસાયણવિજ્ઞાન	એમ.એસસી.
૨. શ્રી. એસ. પી. ખરીદિયા	,,	,,
૩. શ્રી. આર. વી. શાહ	,,	,,
૪. શ્રી. ટી. એસ. પટાણ	વનસ્પતિવિજ્ઞાન	,,
૫. શ્રી. જી. એસ. વિશ્વનાથન્	ભૌતિકવિજ્ઞાન	,,
૬. શ્રીમતી પુ. જે. શાહ	મનોવિજ્ઞાન	એમ.એ.

નામ	વિષય	પદવી
૭. શ્રી. આર. જે. જોષી	ગુજરાતી	પીએચ.ડી.
૮. શ્રી. એચ. એસ. આહલુવાલિયા	ભૌતિકવિજ્ઞાન	,,
૯. શ્રી. જે. ડી. તલાટી	રસાયણવિજ્ઞાન	,,
૧૦. શ્રી. જે. સી. વોરા	,,	,,
૧૧. શ્રી. આર. બી. પાટનકર	અંગ્રેજી	,,

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ અહેવાલોની નોંધ લેવી.

૫૧. (૧) જે વિદ્યાર્થીઓ અંગ્રેજી અને લલિતકળાનો સંબંધકર્તા વિષય લઈને, અગર (૨) જે વિદ્યાર્થીઓ અંગ્રેજી સાથે એસ.એસ.સી.ની પરીક્ષામાં ઉત્તીર્ણ થયા હોય અને જૂના મુંબઈ રાજ્ય કે ગુજરાત રાજ્યની ઇન્ટરમીડિયેટ ડ્રોઇંગ ગ્રેડ પરીક્ષા પસાર કરી હોય તેમને ચાલુ વર્ષે લલિતકળાના સંબંધકર્તા ડિપ્લોમાના અભ્યાસક્રમમાં પ્રવેશપાત્ર ગણ્યાના પરવાનગી આપવાના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવી.

૫૨. પ્રોફેસર ઑફ સોસિયોલોજીની જગ્યા રીડર-ઇન-સોસિયોલોજીમાં ફેરવાઈ હોવાથી એકેડેમિક કાઉન્સિલે પ્રોફેસર ઑફ સોસિયોલોજીની જગ્યા માટેની વરણીસમિતિ પર એકેડેમિક કાઉન્સિલના પ્રતિનિધિ તરીકે શ્રી. જી. એસ. ઘુર્યેની નિમણૂક કરી હતી તેમને રીડર-ઇન-સોસિયોલોજીની વરણીસમિતિ પરના એકેડેમિક કાઉન્સિલના પ્રતિનિધિ ગણવા માટેના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવી.

૫૩. રીડર-ઇન-સ્ટેટિસ્ટિક્સની વરણીસમિતિ ઉપર એકેડેમિક કાઉન્સિલના પ્રતિનિધિ તરીકે શ્રી. કે. વી. રામચંદ્રનની નિમણૂક કર્યાના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવી.

૫૪. પ્રોફેસર-ઇન-કેમિસ્ટ્રીની જગ્યા માટેની વરણીસમિતિ પર એકેડેમિક કાઉન્સિલના પ્રતિનિધિ તરીકે નિમાયેલા ડૉ. બી. એન. દેસાઈને રીડર-ઇન-કેમિસ્ટ્રીની ખાલી પડેલી જગ્યા પર વરણીસમિતિ પર એકેડેમિક કાઉન્સિલના પ્રતિનિધિ તરીકે નીમ્યાના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવી.

૫૫. તા. ૨૮-૬-૧૯૬૧ના રોજ મળેલ લૉ ફેકલ્ટીની સંયુક્ત અભ્યાસસમિતિઓની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત:

"આથી એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે, આ સાથે પરિશિષ્ટમાં જણાવ્યા મુજબનાં પુસ્તકો પહેલી અને બીજી એલએલ.બી. માટે ભલામણ કરવામાં આવે છે અને તે ૧૯૬૨ની એપ્રિલની પરીક્ષાથી લાગુ પાડવાં."

આથી ઠરાવવામાં આવે છે કે, ધારાશાસ્ત્રની વિદ્યાશાખા હેઠળની અભ્યાસસમિતિઓની સંયુક્ત સભાની ઉપરની ભલામણ મંજૂર કરવી.

(સૂચિત પુરવણી યાદી **પરિશિષ્ટ "છ"** તરીકે સામેલ છે.)

૫૬. તા. ૨૮-૬-૧૯૬૧ના રોજ મળેલ લૉ ફેકલ્ટીની સંયુક્ત અભ્યાસસમિતિઓએ કરેલી નીચેની ભલામણ અંગે વિચારણા કરવા બાબત:

(૧) લૉ પ્રિલિમિનરીનો અભ્યાસક્રમ જૂન, ૧૯૬૨થી બંધ કરવો અને લૉ પ્રિલિમિનરીની છેલ્લી પરીક્ષા માર્ચ/એપ્રિલ, ૧૯૬૩ સુધી લેવી અને તે અનુસાર ઑર્ડિ. ૨૪૫, ૨૪૬, તથા રેગ્યુ. ૧૪૫, ૧૪૫-એ, ૧૪૬ અને ૧૪૭ રદ કરવા એકેડેમિક કાઉન્સિલ તથા સિન્ડિકેટને ભલામણ કરવી.

(૨) એલએલ.બી.ના અભ્યાસક્રમમાં દાખલ થવાનું ધોરણ વિદ્યાર્થીએ કોઈ પણ વિદ્યાશાખાની "Bachelor's Degree" પાસ કરી હોવી જોઈએ, તેમ રાખવું અને તે અનુસાર ઑર્ડિ. ૨૪૨, તથા ૨૪૭ નીચે પ્રમાણે સુધારવા :

O. 242 :

Candidates for the Degree of LL.B. must have passed a Bachelor's Degree examination of this University in any Faculty or of any other University recognised as equivalent to the corresponding examination of this University, and will be required to pass two examinations, the first to be called, " First examination for the Degree of LL.B. ", and the second to be called the "Second examination for the Degree of LL.B." provided that candidates who have passed Law Preliminary Examination of this University or the Law Preliminary Examination of any other University recognised as equivalent thereto before June, 1963, will be eligible for admission to the course of First examination for the Degree of LL.B.

O. 247 :

No candidate will be admitted to this examination unless he shall have passed the Bachelor's Degree examination of this University in any Faculty or an examination of any other University recognised by this University as equivalent thereto, and have thereafter, kept two terms in a Law college affiliated to this University.

Provided that candidates who have passed Law Preliminary Examination of this University or the Law Preliminary Examination of any other University recognised as equivalent thereto, before June, 1963, and have thereafter kept two terms in a Law college affiliated to this University, will be admitted to this examination.

૧. આથી ઠરાવવામાં આવે છે કે, ધારાશાસ્ત્રની વિદ્યાશાખા હેઠળની અભ્યાસસમિતિઓની સંયુક્ત સભાએ કરેલી ઉપરની ભલામણ મંજૂર કરવા, તથા તે પ્રમાણે ઓર્ડિનન્સ ૨૪૫ અને ૨૪૬ તથા રેગ્યુલેશન ૧૪૫, ૧૪૫-એ, ૧૪૬, અને ૧૪૭ રદ કરવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી.

૨. આથી ઠરાવવામાં આવે છે કે, ઓર્ડિનન્સ ૨૪૨ તથા ૨૪૭ ઉપર મુજબ સુધારવા તથા તેને જૂન, ૧૯૬૨થી અમલમાં મૂકવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી.

૫૭. ત્રણ વર્ષના સુચ્યોજિત અભ્યાસક્રમને અનુલક્ષીને પ્રી-એન્જિનિયરિંગ અને પ્રી-મેડિકલના અભ્યાસક્રમો અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, તબીબી અને ઇજનેરી વિદ્યાશાખાઓમાં ૧૯૬૩થી પ્રી-પ્રોફેશનલ અભ્યાસક્રમો દાખલ કરવા, તથા તે પ્રમાણે એ બેઉ વિદ્યાશાખાઓને પોતપોતાના પ્રી-પ્રોફેશનલ અભ્યાસક્રમો ઘડવા માટે જણાવવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, આ ઠરાવની રાજ્ય સરકારને જાણ કરીને ઘટતાં પગલાં લેવા માટે જણાવવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, ત્રણ વર્ષના અભ્યાસક્રમ હેઠળ બી.એસસી.ના પહેલા વર્ષના અભ્યાસક્રમમાં વિષયોની પસંદગી કરવા માટે ઘટતી જોગવાઈ કરવા માટે વિજ્ઞાન વિદ્યાશાખાને જણાવવું.

૫૮. ત્રીજી પંચવર્ષીય યોજના દરમિયાન યુનિવર્સિટીનાં વિદ્યાભવનોના વિકાસ માટે યોજનામાં જણાવ્યા પ્રમાણે નવી જગ્યાઓ ઊભી કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રહી હતી.

૫૯. સને ૧૯૬૨ના ઑક્ટોબર માસમાં લેવાનાર જુદી જુદી પરીક્ષાઓમાં પ્રાશ્નિકો તથા પરીક્ષકોની નિમણૂકો માટે જુદી જુદી વિદ્યાશાખાઓની પરીક્ષાસમિતિઓએ જે તે પરીક્ષાઓ માટે સૂચવેલ પ્રાશ્નિકો તથા પરીક્ષકોની યાદી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ૧૯૬૨ના ઑક્ટોબર માસમાં લેવાનાર જુદી જુદી પરીક્ષાઓમાં પ્રાશ્નિકો, પરીક્ષકો વગેરેની નિમણૂકો કરવા માટે ઘટતું કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

(પ્રાશ્નિકો, પરીક્ષકો વગેરેની સૂચિત યાદી આ સાથે સામેલ કરવામાં આવેલી નથી.)

૬૦. એકેડેમિક કાઉન્સિલની આગામી બેઠકમાં રજૂ કરવા માટે મોકલાયેલ પ્રિન્સિપલ વાય. જી. નાયકના નીચેના ઠરાવ ઉપર વિચારણા કરવા બાબત :

"Resolved to recommend to the Syndicate and the Senate that steps be taken to institute an under-graduate and a post-graduate diploma in English to be awarded to any regular or external students of the Gujarat University who pass prescribed tests in English carrying 200 marks for the under-graduate diploma and 300 marks for the post-graduate diploma on courses of studies relating to conversation, comprehension, correspondence, translation, and general composition in English"

Explanation.— It is suggested that any affiliated college can run these classes for the diploma courses in English and students could be permitted to attend these courses in their own college along with their under-graduate courses of study or after graduation along with their post-graduate studies or as an isolated course in any affiliated college.

There will be at least 3 periods per week for under-graduate diploma courses outside the college hours and the course will be of two years duration. The course for post-graduate diploma will be of one year's duration and there will be at least six periods per week.

Remarks.— I propose this scheme with a view to helping students to equip themselves with a better knowledge of English and to enable them to read the reference books in English to maintain a high standard of examination in their respective courses of studies. The post-graduate diploma will help the students both in the matter of their employment as well as in research and higher studies abroad.

The diplomas should be abbreviated as Dip. Eng. (for under-graduate diploma), and D. Eng. (for post-graduate diploma).

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૬૧. ત્રણ વર્ષના સુગથિત અભ્યાસક્રમના સંદર્ભમાં યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન પાસે વર્ષોવર્ષ નીચેની વધારાની જરૂરિયાતોને અનુલક્ષીને ગ્રાન્ટ્સની માગણી કરવા ડા. ય. ગુ. નાયકના નીચેના સૂચન પર વિચારણા કરવા બાબત :

(*i*) Tutorial staff for (*a*) First Year, (*b*) First Two Years, and (*c*) Three Years for 1 tutorial period per week per subject in batches of 16 or 17 for a class of 110 students (i.e., six batches for a class of 110 students).

(*ii*) Library grants for (*a*) First Year, (*b*) First Two Years; and (*c*) First Three Years.

This should include additional copies of books for tutorial work and additional library furniture.

(*iii*) Tutorial room requirements as per following scheme :

1 tutorial period per week per subject in batches of 16 or 17 (i.e., six batches for a class of 110 students).

(*iv*) Additional stationery expenses for tutorial cards, records, examinations, etc.

(*v*) Additional clerical staff, typists, peons, etc.

(*vi*) Additional typewriters, etc.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૬૨. મેડિકલ કાઉન્સિલ ઓફ ઇન્ડિયાના મંત્રી તરફથી આવેલા તા. ૨૪-૨-૧૯૬૧ના પત્ર પર તબીબી વિદ્યાશાખાના તા. ૨૯-૩-૧૯૬૧ની સભાના નીચેના ઠરાવ ઉપરથી સિન્ડિકેટે કરેલ ભિનંતી પર વિચારણા કરવા બાબત :

તબીબી વિદ્યાશાખાનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે, (૧) થિરેસિક, (૨) ન્યૂરોલોજી, અને (૩) ન્યૂરો-સર્જરી વિષયો માટેના શિક્ષકોને જરૂરી અનુસ્નાતક ડિગ્રી ઉપરાંત વિશિષ્ટતા (speciality)ના વિષય માટે ઓછામાં ઓછી બે વર્ષની ખાસ તાલીમ હોવી જોઈએ તેમ કાઉન્સિલમાંના સેક્રેટરી તેમના તા. ૨૪-૨-૧૯૬૧ના પત્રાંક ૨૦૪. ટી. ૨-૬૦(૩૮) ૧૧૧૫૭થી જણાવે છે, તેની નોંધ લેવી."

સિન્ડિકેટનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે, તબીબી વિદ્યાશાખાનો ઉપરોક્ત ઠરાવ મંજૂર કરવો, તથા તે પ્રમાણે શિક્ષકોની લાયકાતના નિયમોમાં ઘટતા ફેરફાર કરવા માટે અકેડેમિક કાઉન્સિલને જણાવવું."

આથી ઠરાવવામાં આવે છે કે, તબીબી વિદ્યાશાખાની ભલામણ પ્રમાણે શિક્ષકોની લાયકાતનાં ધારાધોરણોમાં ઘટતા સુધારા કરીને તેનો મુસદ્દો આ સભાગૃહ સમક્ષ રજૂ કરવા માટે કાર્યાલયને જણાવવું.

૬૩. સૌરાષ્ટ્ર સંગીત નાટક અૅકેડેમી, રાજકોટના સચિવ તરફથી કથ્થક નૃત્યના અભ્યાસક્રમ બાબત આવેલ પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, બાબત નં. ૧૨માં જણાવેલી સંગીત અંગેની જે સમિતિ નિમાય તેને સદરહુ બાબત પર વિચારણા કરવા માટે જણાવવું.

૯. રૂટ. ૧૧૮(૬) અનુસાર એકેડેમિક કાઉન્સિલના પ્રતિનિધિ તરીકે બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગ ઉપર પ્રિન્સિપલ શ્રી. એલ. આર. દેસાઈની ખાલી પડેલી જગ્યાએ તા. ૧૫-૧૧-૧૯૬૩ સુધી બીજા એક પ્રતિનિધિની નિમણૂક કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગ પર, શ્રી. લાલભાઈ ૨. દેસાઈની ખાલી પડેલી જગ્યાએ, પ્રિન્સિપલ યશવંત પ્રા. શુકલની, તા ૧૫-૧૧-૧૯૬૩ સુધીની મુદત માટે નિમણૂક કરવી.

૧૦. ગુજરાત રાજ્યના ડાયરેક્ટર ઑફ એગ્રિકલ્ચર ડૉ. એમ. ડી. પટેલની જગ્યાએ કાર્યકારી ડાયરેક્ટર ઑફ એગ્રિકલ્ચર તરીકે નિમાયેલ ડૉ. જી. એ. પટેલને વિદ્યાશાખા એનાયત કરવા બાબત.

(**નોંધ.**—ડૉ. જી. એ. પટેલે કૃષિ વિદ્યાશાખા એનાયત થવા માટે પસંદગી બતાવેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, ડૉ. જી. એ. પટેલને કૃષિવિજ્ઞાનની વિદ્યાશાખા પર લેવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી.

૧૧. નીચે જણાવેલી અભ્યાસસમિતિઓ ઉપર ત્રણથી ઓછા સભ્યોએ કામ કરવાની ઇચ્છા દર્શાવી હોવાથી તેમને, અભ્યાસસમિતિ ઉપર ત્રણ સભ્યો થઈ શકે તે રીતે, ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૨૫(૨) અનુસાર સભ્યો કો-ઑપ્ટ કરવા પરવાનગી આપવા અંગે વિચારણા કરવા બાબત:

૧. મરાઠીની અભ્યાસસમિતિ	.. ૧. પ્રિન્સિ. વાય. ડી. ભાવે.
૨. પ્રાકૃત અને પાલિની અભ્યાસસમિતિ	.. ૧. પ્રિન્સિ. જે. જી. શાહ, તથા ૨. શ્રી. સી. એલ. શાસ્ત્રી.
૩. મૉડર્ન યુરોપિયન લૅંગ્વેજીઝ—જર્મન, ફ્રેન્ચ	.. ૧. પ્રિન્સિ. હર્બર્ટ એ. ડિસોઝા, તથા ૨ ડૉ. બી. ગુપ્તા
૪. લૉજિક, ફિલોસોફી અને પૉલિટિકલ ફિલોસોફી	.. ૧. પ્રિન્સિ. એ. કે. ત્રિવેદી, તથા ૨. પ્રિન્સિ. આઈ. વી. ત્રિવેદી.
૫. માઇક્રોબાયોલોજીની અભ્યાસસમિતિ	.. ૧. પ્રિન્સિ. એમ. એમ. પારેખ, તથા ૨. ડૉ. વી. એ. વ્યાસ.

(**નોંધ.**—આ પ્રમાણે પરવાનગી આપવામાં આવે તો તે વિષયો માટે ઍડ-હૉક સમિતિની નિમણૂક કરવાની જરૂર રહેશે.)

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરની પ્રત્યેક અભ્યાસસમિતિ, ઓછામાં ઓછા ત્રણ સભ્યોની બને તે રીતે જરૂર પ્રમાણે એક અથવા બે સભ્યો "કો-ઑપ્ટ" કરવા માટે, તે પ્રત્યેક અભ્યાસસમિતિને પરવાનગી આપવી.

૧૨. નીચે જણાવેલી અભ્યાસસમિતિ ઉપર કામ કરવાની કોઈ સભ્યોએ ઇચ્છા નહિ દર્શાવી હોવાથી તે અંગે જુદી જુદી ઍડ-હૉક સમિતિઓની રચના કરવા બાબત:

૧. સિન્ધીની અભ્યાસસમિતિ,

૨. બંગાળીની અભ્યાસસમિતિ,

૩. અવસ્તા અને પહલવીની અભ્યાસસમિતિ,

૪. એગ્રિકલ્ચરની અભ્યાસસમિતિ (એગ્રિકલ્ચરની વિદ્યાશાખા મળી શકી નહિ હોવાથી અભ્યાસસમિતિની રચના થઈ શકી નથી.).

આથી ઠરાવવામાં આવે છે કે, નીચે પ્રમાણેની "ઍડ-હૉક" સમિતિઓ રચવી, તથા તેની મુદત તા. ૨૨-૧૧-૧૯૬૬ સુધીની રાખવી :

૧. સિન્ધીની "ઍડ-હૉક" સમિતિ :
   (૧) ~~કુ. લુલિયા સિંગાણી;~~ એસ. એસ. લુલિયા સિંગાણી.
   (૨) પ્રૉફેસર આર એલ. કેશવાણી;
   (૩) પ્રૉફેસર ડી. આર. મન્શારામાણી;

૨. બંગાળીની "ઍડ-હૉક" સમિતિ :
   (૧) પ્રૉફેસર એસ. મુકરજી;
   (૨) શ્રી. નગીનદાસ પારેખ;
   (૩) શ્રી. જયંતિલાલ આચાર્ય.

૩. અવસ્તા-પહલવીની "ઍડ-હૉક" સમિતિ :
   (૧) શ્રી. એચ. ડી. કે. મિરઝા;
   (૨) શ્રી. પી. પી. પાવરી.

૪. કૃષિવિજ્ઞાનની "ઍડ-હૉક" સમિતિ રચવાનું હાલ રાખવું નહિ.

૧૩. પત્રકારત્વના ડિપ્લોમાના અભ્યાસક્રમ શીખવવા માટે શિક્ષકોની ઓછામાં ઓછી લાયકાત નક્કી કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, પત્રકારત્વનો અભ્યાસક્રમ શીખવવા માટે શિક્ષકોની ઓછામાં ઓછી લાયકાતનાં ધોરણ નીચે પ્રમાણે રાખવાં :

(૧) પત્રકારત્વના અભ્યાસક્રમ અંગેનો, નીચેનાં પ્રશ્નપત્રોને આવરી લેતો પત્રકારત્વનો વિષય મુખ્ય (major) વિષય ગણાશે, જ્યારે તે સિવાયનાં પ્રશ્નપત્રોને આવરી લેતા વિષયો ગૌણ (minor) વિષયો ગણાશે :

પત્રકારત્વના વિષયનાં પ્રશ્નપત્રો :

પ્રથમ વર્ષ : પ્રશ્નપત્ર ૫ અને ૬;
દ્વિતીય વર્ષ : પ્રશ્નપત્ર ૩, ૪, ૫ અને ૬.

(૨) પત્રકારત્વના મુખ્ય વિષયને આવરી લેતાં પ્રશ્નપત્રો સિવાયનાં બીજાં પ્રશ્નપત્રોને આવરી લેતો અભ્યાસક્રમ જે તે વિષયના શિક્ષક દ્વારા શીખવવો જોઈએ.

(૩) પ્રૉફેસરની જગ્યા માટેની ઓછામાં ઓછી લાયકાતનું ધોરણ : સ્નાતક કક્ષા સુધીનો અભ્યાસ તથા પ્રતિષ્ઠિત દૈનિકના તંત્રી તરીકેનો ઓછામાં ઓછો દસ વર્ષનો અનુભવ.

(૪) લેક્ચરરની જગ્યા માટેની ઓછામાં ઓછી લાયકાતનું ધોરણ : સ્નાતક કક્ષા સુધીનો અભ્યાસ તથા પ્રતિષ્ઠિત દૈનિકના તંત્રી તરીકેનો ઓછામાં ઓછા પાંચ વર્ષનો અનુભવ.

૧૪. તા. ૧૬-૯-૧૯૬૦ના રોજ મળેલી પ્રાચીન ભારતીય અને પૌર્વાત્ય સંસ્કૃતિની અભ્યાસસમિતિની નીચેની ભલામણ અંગે વિચારણા કરવા બાબત :

"નીચે જણાવેલ વિદ્યાર્થીઓની પદવી અને વિષય માટે વિદ્યાર્થીના નામ સામે દર્શાવેલ રેફરીની ક્રમાનુસાર નિમણૂક કરવા એકૅડેમિક કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે:

નામ	પદવી	વિષય	રેફરી
શ્રી. પી. એન. ભટ્ટ	પીએચ.ડી.	Cultural and Historical Study of Kulki Purana.	૧. ડૉ. આર. સી. હઝરા, સંસ્કૃત કૉલેજ, ૧, બંકીમ ચેટરજી સ્ટ્રીટ, કલકત્તા-૧૨; **અથવા** ૨. ડૉ. એ. ડી. પુસાલકર, ભાંડારકર ઓરિયેન્ટલ ઇન્સ્ટિટ્યૂટ, પૂના-૪; **અથવા** ૩. ડૉ. વી. એસ. અગ્રવાલ, ફૅકલ્ટી ઑફ ઇન્ડોલોજી, હિન્દુ યુનિવર્સિટી, વારાણસી-૫."

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપર જણાવેલ વિદ્યાર્થીના નામ સામે જણાવેલ પદવી માટેનો મહાનિબંધ તપાસવા માટે, રેફરીઓ તરીકે, તેના નામ સામે જણાવેલ વ્યક્તિઓની ક્રમાનુવર્તી નિમણૂક કરવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી.

૧૫. મરાઠીની અભ્યાસસમિતિની તા. ૧૪-૯-૧૯૬૦ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત:

"In light of the report of Examiners in Marathi, the Board recommends that, provision for teaching of or giving guidance for Marathi at the B.A. level be made at least in some college at Ahmedabad, since the candidates who take up this subject at present have to appear as external candidates and are handicapped for want of personal guidance."

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ ભલામણની નોંધ લેવી.

૧૬. તા. ૧૫-૧૦-૧૯૬૦ના રોજ મળેલી અંગ્રેજીની અભ્યાસસમિતિની નીચેની ભલામણ ઉપર તથા તે ભલામણને અનુસરીને રેગ્યુ. ૧૮ના પાઠમાં નીચેની નોંધ ઉમેરીને સુધારવા બાબત:

"બી.એ. ફરજિયાત અંગ્રેજી વિષયમાં જ્યાં જ્યાં કવિતા અને નાટકનાં પુસ્તકોનો અભ્યાસ કરવાનો હોય છે, તેમાં જ રેફરન્સના સવાલો પુછાશે; ગદ્યમાં રેફરન્સના સવાલો નહિ પુછાય. આ અંગેની સૂચના સને ૧૯૬૧ના વર્ષમાં લેવાનારી પરીક્ષાના પરીક્ષકોને પણ આપવી."

બી.એ.ના રેગ્યુ. ૧૮માં નીચેની નોંધ ઉમેરવા બાબત :

"*Note.*— The questions on reference to context will be asked from the text-books prescribed for poetry and drama only for Compulsory English at B.A. Examination."

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ ભલામણ મંજૂર કરવી નહિ.

૧૭. ફ્રેન્ચ અને જર્મનની ઍડ-હૉક સમિતિએ તેની તા. ૩૧-૮-૧૯૫૯ની સભામાં નીચેની ભલામણ કરી હતી, તે ઉપર ઍકેડેમિક કાઉન્સિલની તા. ૩૧-૮-૧૯૫૯ની સભાએ રેગ્યુલેશનમાં સુધારો સૂચવવા ઠરાવ્યું હતું, તે ઉપર ઍડ-હૉક સમિતિની તા. ૧૬-૯-૧૯૬૦ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

ઍડ-હૉક સમિતિની ભલામણ

"The report of the Examiners regarding performance of examinee during last March/April examinations along with their recommendation were considered. It is desirable that at B.A. French, one question should be compulsory to be answered in French or in lieu thereof oral test carrying at least 10 marks should be instituted."

ઍકેડેમિક કાઉન્સિલનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર બાબતની નોંધ લેવી; તથા સદરહુ સમિતિને જણાવવું કે, અભ્યાસક્રમમાં સુધારો કરવા માટે સંબંધકર્તા રેગ્યુલેશન, નિયમમાં ઘટતા સુધારા સૂચવવામાં આવ્યેથી તે પર આ સભા વિચારણા કરશે."

ઍડ-હૉક સમિતિની ભલામણ

"આથી ઍકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે, રે. ૧૮માં ફ્રેન્ચ વિષયના વિગતવાર અભ્યાસક્રમમાં મૌખિક પરીક્ષાની વિગત ઉમેરેલી છે, તેથી રેગ્યુલેશનમાં સુધારો કરવાની જરૂર રહેતી નથી. પણ જ્યારે જ્યારે આ વિષયની પરીક્ષા લેવામાં આવે ત્યારે ત્યારે મૌખિક પરીક્ષા લક્ષમાં રાખી, તે મુજબ પ્રશ્નપત્ર કાઢવાની લાગતાવળગતા પરીક્ષકોને સૂચના આપવા ભલામણ છે."

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ ભલામણની નોંધ લેવી.

૧૮. તા. ૧૯-૯-૧૯૬૦ના રોજ મળેલી ઇતિહાસ વગેરેની અભ્યાસસમિતિની નીચેની ભલામણો અંગે વિચારણા કરવા બાબત :

"પરીક્ષકો જે અહેવાલો મોકલે તે પરીક્ષાર્થીઓના કામ ઉપર જ આપવા અને બીજું જે કાંઈ સૂચનો હોય તે જુદા પત્રરૂપે યુનિવર્સિટીને મોકલવા, તે પ્રમાણેની સૂચના પરીક્ષકોને અપાતી સૂચનામાં ઉમેરવા માટે અધિકૃત મંડળોને ભલામણ કરવામાં આવે છે."

આથી ઠરાવવામાં આવે છે કે, પરીક્ષકો જે અહેવાલો મોકલે તે પરીક્ષાર્થીઓના કામ ઉપર જ આપવા અને બીજાં જે કાંઈ સૂચનો હોય તે જુદા પત્રરૂપે પરીક્ષકોના મંડળના અધ્યક્ષને તેમણે લખી જણાવવાં, તથા જે તે અધ્યક્ષ પાસે આવેલાં આવાં સૂચનોનું સંયોજન કરીને તે પરથી ઘટતો પ્રસ્તાવ અધ્યક્ષ કાર્યાલયને મોકલવાનું રાખે તે યોગ્ય થશે, એમ સિન્ડિકેટને અભિપ્રાય જણાવવો.

૧૯. સંસ્કૃતની અભ્યાસસમિતિની તા. ૧૫-૯-૧૯૬૦ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત:

"સંસ્કૃત ઓરિયેન્ટલ પરીક્ષાઓ માટે અભ્યાસક્રમ વગેરે નક્કી કરવા સારુ જે ઉપસમિતિ નીમી હતી તેના અહેવાલ ઉપર વિચારણા કરવામાં આવી અને ઠરાવવામાં આવ્યું કે, સંસ્કૃત ઓરિયેન્ટલ પરીક્ષાઓ માટેનો અભ્યાસક્રમ, પાસ થવાનું ધોરણ વગેરે આ સાથે આપેલા પરિશિષ્ટ મુજબ રાખવા એકૅડેમિક કાઉન્સિલ તથા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે."

આથી ઠરાવવામાં આવે છે કે, સંસ્કૃત ઓરિયેન્ટલ પરીક્ષાઓનો અભ્યાસક્રમ ઘડવા માટે એકૅડેમિક કાઉન્સિલની આ સભા ભલામણ કરતી નથી, પણ વિનયનની વિદ્યાશાખામાં સંસ્કૃતનો અભ્યાસક્રમ ઘડતી વખતે આ સમિતિએ જે અભ્યાસક્રમ સૂચવ્યો છે તે લક્ષમાં રાખવા માટે સંસ્કૃતની અભ્યાસ-સમિતિને સૂચન કરે છે.

૨૦. પર્શિયન, અરેબિક અને ઉર્દૂની અભ્યાસસમિતિની તા. ૯-૯-૧૯૬૦ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત:

"આથી ઠરાવવામાં આવે છે કે, ઇસ્લામિક કલ્ચરને એન્શિયન્ટ ઇન્ડિયન ઑર ઇસ્ટર્ન કલ્ચરના બૉર્ડમાંથી લઈને એ વિષય, અમારું નમ્ર માનવું છે કે, પર્શિયન, અરેબિક અને ઉર્દૂની અભ્યાસસમિતિ હેઠળ મુકાવો જોઈએ; કારણ કે એ સંસ્કૃતિનો સંબંધ અરબી અને ફારસી ભાષા-સાહિત્ય સાથે સંકળાયેલો છે; તેથી તે અંગે યોગ્ય ફેરફાર કરવા માટે અધિકૃત મંડળોને આ અભ્યાસસમિતિ ભલામણ કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ ભલામણ મંજૂર કરવી નહિ.

(**નોંધ.**—જરૂર હોય તો અને ત્યારે, પર્શિયન, અરેબિક અને ઉર્દૂની અભ્યાસસમિતિની તથા "એન્શિયન્ટ ઇન્ડિયન કલ્ચર ઑર ઇસ્ટર્ન કલ્ચર"ની અભ્યાસસમિતિની સંયુક્ત સભા બોલાવી શકાય છે.)

૨૧. મનોવિજ્ઞાનની અભ્યાસસમિતિની તા. ૬-૯-૧૯૬૦ની સભાની ભલામણ અનુસાર એમ.એ. મનોવિજ્ઞાનની પરીક્ષા માટે "ઇન્ડિયન સાયકૉલૉજી" વિષયના વિગતવાર અભ્યાસ-ક્રમ માટે (૧) રેગ્યુ. ૨૯-એના સંબંધકર્તા ભાગમાં આ સાથે આપેલા પરિશિષ્ટ મુજબ ઉમેરો કરવા બાબત, તથા (૨) તે વિષયને અનુરૂપ પુસ્તકોની ભલામણ કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરની ભલામણ મંજૂર કરવી, તથા તે પ્રમાણે રેગ્યુ. ૨૯-એ ને સુધારવો, તથા સુધારેલા રેગ્યુ. ૨૯-એ ને જૂન ૧૯૬૧થી એટલે કે, એમ.એ.ની ૧૯૬૪ની પરીક્ષાથી અમલમાં મૂકવો.

(સુધારેલા રેગ્યુ. ૨૯-એ નો સંબંધકર્તા ભાગ તથા ભલામણ કરેલાં પુસ્તકોની યાદી પરિશિષ્ટ "ક" તરીકે સામેલ છે.)

૨૨. તા. ૧૩-૯-૧૯૬૦ના રોજ મળેલી શિક્ષણશાસ્ત્રની અભ્યાસસમિતિની નીચેની ભલામણ અંગે વિચારણા કરવા બાબત:

"પરીક્ષકો તરફથી આપતા અહેવાલો માટે તૈયાર કરવામાં આવેલાં જુદાં જુદાં ફૉર્મ સ્વીકારવા અને તે મંજૂર કરવા માટે એકૅડેમિક કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે."

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૨૩. તા. ૧૩-૯-૧૯૬૦ના રોજ મળેલી શિક્ષણશાસ્ત્રની અભ્યાસસમિતિની નીચેની ભલામણ અંગે વિચારણા કરવા બાબત:

"It is also suggested that an evaluation form for Part II Examination should be evolved which would include the following points and 10 marks be allowed for each of them:

1. Selection of the Teaching Unit,
2. Technique,
3. Use of Devices,
4. Handling of the Class,
5. General impression.

Evaluation of the above points be rendered on a five-point scale."

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૨૪. તા. ૧૩-૯-૧૯૬૦ના રોજ મળેલી શિક્ષણશાસ્ત્રની અભ્યાસસમિતિની સભાએ બી.એડ.ના અભ્યાસક્રમમાં આરોગ્યવિષયક શિક્ષણ (હેલ્થ એજ્યુકેશન)નો અભ્યાસક્રમ ઉમેરવા, અંડર-સેક્રેટરી, ગવર્નમેન્ટ ઑફ ઇન્ડિયા, મિનિસ્ટ્રી ઑફ એજ્યુકેશન, તરફથી આવેલ તા. ૫-૨-૧૯૬૦ના પત્ર અંગે નીચે મુજબ ભલામણ કરી છે તે અંગે વિચારણા કરવા બાબત:

શિક્ષણશાસ્ત્રની અભ્યાસસમિતિની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, આરોગ્યવિષયક શિક્ષણ (હેલ્થ એજ્યુકેશન)નો અભ્યાસક્રમ બી.એડ.ના અભ્યાસક્રમમાં ઉમેરવા બાબતના સૂચનનો સૈદ્ધાંતિક સ્વીકાર કરવો."

આથી ઠરાવવામાં આવે છે કે, શિક્ષણશાસ્ત્રની અભ્યાસસમિતિની ભલામણમાં જણાવ્યું છે તે પ્રમાણે સદરહુ બાબતનો સૈદ્ધાંતિક સ્વીકાર કરવો.

૨૫. તા. ૧૩-૯-૧૯૬૦ના રોજ મળેલી શિક્ષણશાસ્ત્રની અભ્યાસસમિતિની નીચેની ભલામણ અંગે વિચારણા કરવા બાબત :

"આથી એકૅડેમિક કાઉન્સિલને એમ.એડ્.ની પરીક્ષાને લગતો રેગ્યુ. ૬૦ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવા ભલામણ કરવામાં આવે છે :

R. 60 :

"A student appearing at the M.Ed. Examination which is ordinarily held in June, shall submit his dissertation latest by 30th April of the year in which he proposes to appear."

આથી ઠરાવવામાં આવે છે કે, રેગ્યુ. ૬૦ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવા તથા તેને જૂન ૧૯૬૧થી અમલમાં મૂકવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી :

R. 60 :

"A Student appearing at the M.Ed. Examination which is ordinarily held in June, shall submit his dissertation latest by 30th April of the year in which he desires to appear."

૨૬. તા. ૧૩-૯-૧૯૬૦ના રોજ મળેલી શિક્ષણશાસ્ત્રની અભ્યાસસમિતિએ ડાયરેક્ટોરેટ ઑફ એક્સ્ટેન્શન પ્રોગ્રામ્સ ફૉર સેકન્ડરી એજ્યુકેશન, ગવર્નમેન્ટ ઑફ ઇન્ડિયાના આશ્રયે સેક્રેટરી ઑફ બૉર્ડ્ઝ ઑફ સેકન્ડરી એજ્યુકેશનની કૉન્ફરન્સમાં થયેલા નીચેના ઠરાવ નં. ૫ અંગે કરેલી ભલામણ ઉપર વિચારણા કરવા બાબત:

"(v) This Conference recommends that all Universities in the country should take immediate steps to incorporate the concept of evaluation as correlated to educational objectives in the B.T. or B.Ed. Syllabus so that all teacher trainees become conversant with the evaluation approach."

શિક્ષણશાસ્ત્રની અભ્યાસસમિતિની ભલામણ

"આ અભ્યાસસમિતિ ઉપરનું સૂચન સ્વીકારે છે તેમ ભારત સરકારને જણાવવું."

આથી ઠરાવવામાં આવે છે કે, શિક્ષણની અભ્યાસસમિતિની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૨૭. તા. ૧૯-૯-૧૯૬૦ના રોજ મળેલી ગૃહવિજ્ઞાનની અભ્યાસસમિતિની નીચેની ભલામણ અંગે વિચારણા કરવા બાબત:

"It is recommended to the Academic Council that in R. 18 on page 336 of the Gujarat University Handbook, Part II, under the head 'Practical Examination of Food and Nutrition', the following words in bracket, i.e., 'to be prescribed from year to year by the

University which should include major dishes side dishes' be deleted and replaced as under:

'The names of major dishes and side dishes prepared in practical in each college should be sent by the Principal of each college to the Registrar before 15th February, who shall forward the list received from all the colleges to the Examiners concerned.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબત, નીચેના સૂચન સાથે ગૃહવિજ્ઞાનની અભ્યાસસમિતિને વિચારણા માટે મોકલી આપવી :

પ્રત્યેક વર્ષે કૉલેજના આચાર્ય major dishes અને side dishesનાં નામ મોકલી આપે તેના કરતાં, ચોક્કસ dishes નક્કી કરવી જોઈએ.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, ચાલુ વર્ષની પરીક્ષા માટે dishesનાં નામ નક્કી કરવા માટે, ઉપકુલપતિશ્રીને ધટતી સત્તા આપવી.

૨૮. તા. ૧૯-૯-૧૯૬૦ના રોજ મળેલી યુનિવર્સિટીની ગૃહવિજ્ઞાનની અભ્યાસ-સમિતિની નીચેની ભલામણ અંગે વિચારણા કરવા બાબત:

"ગૃહવિજ્ઞાનના અભ્યાસક્રમ માટે જરૂરી ટર્મિનોલોજી તૈયાર કરવા વાસ્તે જાણકાર વ્યક્તિઓની સમિતિ નીમવા એકૅડેમિક કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે."

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૨૯. તા. ૭/૮-૧-૧૯૬૦ની લેબર વેલ્ફેરની અભ્યાસસમિતિની ભલામણ, જે તા. ૨૦-૮-૧૯૬૦ના રોજ મળેલી એકૅડેમિક કાઉન્સિલે, ગ્રંથાલય-સમિતિની પુનર્વિચારણા માટે મોકલી હતી તે પર તા. ૨૫-૧૧-૧૯૬૦ના રોજ મળેલી ગ્રંથાલય-સમિતિનો નીચેનો ઠરાવ:

લેબર વેલ્ફેરની અભ્યાસસમિતિની ભલામણ

"As students of Labour Welfare have to attend to Practical Training besides attending the lectures, they get very little time for reading. The result of this, as shown by the Examiners' reports, is that students lack erudition. In order to correct this, we suggest that a special open-access section may be set up in the library of books prescribed for the Labour Welfare course."

ગ્રંથાલય-સમિતિનો ઠરાવ

"આ બાબત પર પુનર્વિચારણા કરીને ઠરાવવામાં આવ્યું કે, આ વ્યવસ્થા કરી શકાય એમ નથી, એવા પોતાના ઠરાવમાં ફેરફાર કરવાનું વ્યાવહારિક દૃષ્ટિએ શક્ય જણાતું નથી.

આથી ઠરાવવામાં આવે છે કે, ગ્રંથાલય-સમિતિના ઉપરના ઠરાવની નોંધ લેવી.

૩૦. તા. ૧૪-૧૦-૧૯૬૦ના રોજ મળેલી બૉટાનીની અભ્યાસસમિતિની નીચેની ભલામણ અંગે વિચારણા કરવા બાબત:

"વધુમાં એકેડેમિક કાઉન્સિલને બી.એસસી. બૉટાનીને લગતા રેગ્યુ. ૭૭(૪) (બૉટાની)માં પ્રશ્નપત્રો અને પ્રાયોગિક માટે ગુણનું જે જૂનું વિભાગીકરણ છે તે રદ કરી નીચે જણાવ્યા મુજબનું વિભાગીકરણ ઉમેરવા માટે ભલામણ કરવામાં આવે છે:

B.Sc. (Subsidiary):

2 papers each of 100 marks.
2 practicals each of 50 marks.

B.Sc. (Principal):

1. 4 papers each of 100 marks.
2. 4 practicals each of 50 marks.

(**નોંધ.**—બી.એસસી. બૉટાની વિષયનો અભ્યાસક્રમ અત્યારે છે તે મુજબ જ રહેશે.

આથી ઠરાવવામાં આવે છે કે, વનસ્પતિવિજ્ઞાનની અભ્યાસસમિતિની ઉપરની ભલામણ મંજૂર કરવી, તથા તે પ્રમાણે રેગ્યુ. ૭૭ (૪)માં પ્રશ્નપત્રો અને પ્રાયોગિક પરીક્ષા માટે ગુણનું ઉપર પ્રમાણે વિભાગીકરણ રાખવું, તથા તે પ્રમાણે સુધારેલા રેગ્યુ. ૭૭ (૪)ને જૂન ૧૯૬૧થી એટલે કે, બી.એસસી. (સબ્સિડિયરી)ની ૧૯૬૨ની પરીક્ષાથી અને બી.એસસી. (પ્રિન્સિપલ)ની ૧૯૬૩ની પરીક્ષાથી અમલમાં મૂકવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી.

૩૧. તા. ૧૪-૧૦-૧૯૬૦ના રોજ મળેલી વનસ્પતિવિજ્ઞાનની અભ્યાસસમિતિની નીચેની ભલામણ અંગે વિચારણા કરવા બાબત:

"એમ.એસસી. બૉટાનીને લગતા રે. ૯૦ (૪—બૉટાની) આ સાથે પરિશિષ્ટમાં જણાવ્યા મુજબ સુધારવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે."

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબત વિજ્ઞાનની વિદ્યાશાખાને નીચેના સૂચન સાથે વિચારણા માટે મોકલી આપવી:

"વિજ્ઞાનની વિદ્યાશાખામાં આવતા તમામ વિષયોમાં એકવાક્યતા જળવાય તે જોવું જરૂરનું છે."

૩૨. તા. ૧૨-૯-૧૯૬૦ના રોજ મળેલી કેમિસ્ટ્રીની અભ્યાસસમિતિની નીચેની ભલામણ અંગે વિચારણા કરવા બાબત:

"સને ૧૯૬૨, ૧૯૬૩ અને ૧૯૬૪ના વર્ષમાં થનારી બી.એસસી. રસાયણવિજ્ઞાન (મુખ્ય)ની પરીક્ષાના ૪થા પ્રશ્નપત્ર માટે નીચે જણાવેલા ૭ રસાયણશાસ્ત્રીઓનાં નામ નિયત કરવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે:

1. W. H. Pekin (Senior),
2. J. F. Thorpe,

3. Earnest Rutherford,
4. Walther Nernst,
5. Sir P. C. Ray,
6. Alfred Worner.

આથી ઠરાવવામાં આવે છે કે, રસાયણવિજ્ઞાનની અભ્યાસસમિતિની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૩૩. તા. ૧૨-૯-૧૯૬૦ના રોજ મળેલી રસાયણવિજ્ઞાનની અભ્યાસસમિતિની નીચેની ભલામણ અંગે વિચારણા કરવા બાબત :

આથી ઍકૅડેમિક કાઉન્સિલને રસાયણવિજ્ઞાનની અભ્યાસસમિતિ નીચે મુજબ ભલામણ કરે છે :

The Board is of the opinion that a paper in English be introduced at B.Sc. stage with a view to increase the knowledge of the students to have adequate familiarity with the literature of Chemistry in English language. For this paper, a book of popular Topics of Chemists be prescribed as a text and students be expected to answer Paraphrase, Translate and Summarise and/or such general questions in English.

Books may be suggested by the Board of Studies in Chemistry."

આથી ઠરાવવામાં આવે છે કે, રસાયણવિજ્ઞાનની અભ્યાસસમિતિની ઉપરની ભલામણ, વિજ્ઞાનની વિદ્યાશાખાની વિચારણા માટે મોકલી આપવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, સદરહુ અભ્યાસસમિતિના ઉપરના ઠરાવની પાછળનો સિદ્ધાંત પોતપોતાની વિદ્યાશાખાઓમાં અપનાવવાનું જરૂરી જણાય તો તે વિષે ઘટતું કરવા માટે ઇજનેરી, તબીબી અને કૃષિવિજ્ઞાનની વિદ્યાશાખાઓને સૂચવવું.

૩૪. પ્રાદ્યોગિક વિદ્યાશાખાની તા. ૨૩-૮-૧૯૬૦ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

આથી ઍકૅડેમિક કાઉન્સિલને નીચે મુજબ ભલામણ કરવામાં આવે છે.

"No candidate be allowed to appear at the First Examination in Engineering for more than three attempts, except that he may be allowed one more attempt provided he has failed in not more than one subject at the third attempt."

(**નોંધ.**—ઉપર મુજબનો અભિપ્રાય ગવર્નમેન્ટ ઑફ ઇન્ડિયા, મિનિસ્ટ્રી ઑફ સાયન્ટિફિક રિસર્ચ ઍન્ડ કલ્ચરલ ઍફેર્સ, ન્યૂ દિલ્હીને મોકલી આપવો અને મંજૂર અભિપ્રાય મુજબ જરૂરી ઑર્ડિનન્સ ઘડવાની બાબત હવે પછી મળનાર ફૅકલ્ટીની સભા સમક્ષ રજૂ કરવી.)

આથી ઠરાવવામાં આવે છે કે, પ્રાદ્યોગિક વિદ્યાશાખાની ઉપરની ભલામણ મંજૂર કરવી, તથા તે પ્રમાણે ધારાધોરણમાં સુધારા ઘડીને રજૂ કરવા.

૩૫. ગુજરાતીની તા. ૧૪-૯-૧૯૬૦ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"બી.એ. તથા એમ.એ.ની સને ૧૯૬૩ના વર્ષમાં થનારી ગુજરાતી વિષયની પરીક્ષા માટે આ સાથે પરિશિષ્ટમાં બતાવ્યા મુજબનાં પાઠ્યપુસ્તકો નિયત કરવા અૅકૅડેમિક કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે."

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ અભ્યાસસમિતિની ઉપરની ભલામણ મંજૂર કરવી.

(મંજૂર કરવામાં આવેલાં પાઠ્યપુસ્તકોની યાદીની નકલ **પરિશિષ્ટ "ખ"** તરીકે સામેલ છે.)

૩૬. મરાઠીની અભ્યાસસમિતિની તા. ૧૪-૯-૧૯૬૦ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"બી.એ. અને એમ.એ.ની ૧૯૬૩ના વર્ષમાં લેવાનારી મરાઠી વિષયની પરીક્ષાનાં પાઠ્ય-પુસ્તકો આ સાથે આપેલા પરિશિષ્ટ મુજબ નિયત કરવા અૅકૅડેમિક કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે."

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ અભ્યાસસમિતિની ઉપરની ભલામણ મંજૂર કરવી.

(મંજૂર કરવામાં આવેલાં પાઠ્યપુસ્તકોની યાદીની નકલ **પરિશિષ્ટ "ગ"** તરીકે સામેલ છે.)

૩૭. હિન્દીની અભ્યાસસમિતિની તા. ૧૬-૯-૧૯૬૦ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"આથી અૅકૅડેમિક કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે, એમ.એ. સને ૧૯૬૨ના વર્ષમાં લેવાનારી હિન્દી વિષયની પરીક્ષાના પ્રશ્નપત્ર ૪ માટે 'સૂચિત પુસ્તકો પછી જાણવામાં આવશે' તેમ છે, તે સૂચિત પુસ્તકો નક્કી કરવામાં આવ્યાં અને તે અનુસાર પ્રશ્નપત્ર ૪માં નીચે જણાવ્યા મુજબ સૂચિત પુસ્તકો રાખવા ભલામણ છે :

સૂચિત પુસ્તકો

૧.	केशवकी काव्यकला	:	લે. કૃષ્ણશંકર શુકલ, પ્રકા. પુસ્તકસદન, વારાણસી.
૨.	केशवदास	:	લે. ચંદ્રબલી પાંડેય, પ્રકા. શક્તિ કાર્યાલય.
૩.	सूरदास	:	લે. ડૉ. હજારીપ્રસાદ દ્વિવેદી, પ્રકા. હિન્દી ગ્રંથરત્ન કાર્યાલય.
૪.	सूरदास	:	લે. બ્રજેશ્વર વર્મા, પ્રકા. હિન્દી સાહિત્ય પરિષદ, અલાહાબાદ યુનિવર્સિટી."

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ અભ્યાસસમિતિની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૩૮. હિન્દીની અભ્યાસસમિતિની તા. ૧૬-૯-૧૯૬૦ની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત:

"બી.એ. તથા એમ.એ.ની સને ૧૯૬૩ના વર્ષમાં લેવાનારી હિન્દી વિષયની પરીક્ષાનાં પાઠ્યપુસ્તકો આ સાથે આપેલા પરિશિષ્ટ મુજબ નિયત કરવા એકૅડેમિક કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે."

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ અભ્યાસસમિતિની ઉપરની ભલામણ મંજૂર કરવી.

(મંજૂર કરવામાં આવેલાં પાઠ્યપુસ્તકોની યાદીની નકલ **પરિશિષ્ટ "ઘ"** તરીકે સામેલ છે.)

૩૯. તા. ૧૭-૯-૧૯૬૦ના રોજ મળેલી બંગાળીની એડ-હૉક સમિતિની નીચેની ભલામણ અંગે વિચારણા કરવા બાબત:

'બી.એ.ની સને ૧૯૬૩ના વર્ષમાં લેવાનારી બંગાળી વિષયની પરીક્ષાનાં પાઠ્યપુસ્તકો આ સાથે આપેલા પરિશિષ્ટ મુજબ નિયત કરવા એકૅડેમિક કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે."

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ "એડ-હૉક" સમિતિની ઉપરની ભલામણ મંજૂર કરવી.

(મંજૂર કરવામાં આવેલાં પાઠ્યપુસ્તકોની યાદીની નકલ **પરિશિષ્ટ "ચ"** તરીકે સામેલ છે.)

૪૦. તા. ૧૫-૧૦-૧૯૬૦ના રોજ મળેલી અંગ્રેજીની અભ્યાસસમિતિની નીચેની ભલામણ અંગે વિચારણા કરવા બાબત:

"સને ૧૯૬૨ના વર્ષમાં બનારી એમ.એ. અંગ્રેજીની પરીક્ષા માટે નીચે જણાવેલાં પાઠ્યપુસ્તકો અપ્રાપ્ય હોવાથી તેના વિકલ્પે તે માટે નીચે જણાવેલાં પુસ્તકો પણ નિયત કરવા એકૅડેમિક કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે:

Paper VIII

1. Harindranath Chattopadhyay : 'Three Plays'

or

2. Sarojini Naidu : 'The Sceptred Flute'
3. Surendranath Banerjee : 'Autobiography: Fifty Years of My Life'

or

3. Nirad Chaudhary : 'Autobiography of an Unknown Indian'. "

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ અભ્યાસસમિતિની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૪૧. તા. ૧૫-૧૦-૧૯૬૦ના રોજ મળેલી અંગ્રેજીની અભ્યાસસમિતિની નીચેની ભલામણ અંગે વિચારણા કરવા બાબત:

"સને ૧૯૬૩ના વર્ષમાં લેવાનારી બી.એ., એમ.એ., બી.કૉમ. અને લૉ પ્રિલિમિનરી પરીક્ષા માટેનાં અંગ્રેજી વિષયનાં આ સાથેના પરિશિષ્ટમાં જણાવ્યા મુજબનાં પાઠ્યપુસ્તકો નિયત કરવા એકૅડેમિક કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે.

વધુમાં નીચેની નોંધ સને ૧૯૬૨ માટે ભલામણ કરેલા બી.એ.ના પાઠ્યપુસ્તક માટે ઉમેરવા ભલામણ કરવામાં આવે છે:

(૨) સને ૧૯૬૨ના વર્ષમાં થનારી બી.એ. ફરજિયાત અંગ્રેજી વિષયની પરીક્ષા માટે નિયત કરેલ પાઠ્યપુસ્તક 'Selections from the Poems of William Wordsworth' (The Cambridge University Press)માંથી પાનાં ૧થી ૫૧ પૂરામાં સમાયેલાં કાવ્યો (1. Remembrance of Collins; 2. From Peter Bell; 3. Selections from Michael; 4. To Joanna; 5. Yew-trees; and 6. Yarrow-Univisited સિવાયનાં) વિગતવાર અભ્યાસ માટે છે, અને તેમાંથી સંદર્ભ સાથે સમજૂતીના પ્રશ્નો પૂછી શકાશે. **બાકીનાં કાવ્યો, સામાન્ય અભ્યાસ માટે છે અને તેમાંથી સંદર્ભ સાથે સમજૂતીના પ્રશ્નો પુછાશે નહિ."**

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ અભ્યાસસમિતિની ઉપરની ભલામણ મંજૂર કરવી.

(મંજૂર કરવામાં આવેલાં પાઠ્યપુસ્તકોની યાદીની નકલ **પરિશિષ્ટ "છ"** તરીકે સામેલ છે.)

૪૨. સંસ્કૃતની અભ્યાસસમિતિની તા. ૧૫-૯-૧૯૬૦ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત:

"બી.એ. અને એમ.એ.ની સને ૧૯૬૩ના વર્ષમાં લેવાનારી સંસ્કૃત વિષયની પરીક્ષા માટે આ સાથે આપેલા પરિશિષ્ટ મુજબ પાઠ્યપુસ્તકો નિયત કરવા એકૅડેમિક કાઉન્સિલને આ અભ્યાસસમિતિ ભલામણ કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ અભ્યાસસમિતિની ઉપરની ભલામણ મંજૂર કરવી નહિ.

૪૩. તા. ૧૫-૯-૧૯૬૦ના રોજ મળેલી પ્રાકૃત-પાલિની ઍડ-હૉક સમિતિની નીચેની ભલામણ અંગે વિચારણા કરવા બાબત:

"બી.એ. અને એમ.એ.ની સને ૧૯૬૩ના વર્ષમાં થનારી પ્રાકૃત અને પાલિ ભાષાની પરીક્ષા માટે આ સાથે પરિશિષ્ટમાં જણાવ્યા મુજબ પાઠ્યપુસ્તકો નિયત કરવા એકૅડેમિક કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે."

આથી ઠરાવવામાં આવે કે, સદરહુ "ઍડ-હૉક" સમિતિની ઉપરની ભલામણ મંજૂર કરવી.

(મંજૂર કરવામાં આવેલાં પાઠ્યપુસ્તકોની યાદી **પરિશિષ્ટ "જ"** તરીકે સામેલ છે.)

૪૪. તા. ૧૬–૯–૧૯૬૦ના રોજ મળેલી જર્મન–ફ્રેન્ચની ઑડ–હૉક સમિતિની નીચેની ભલામણ અંગે વિચારણા કરવા બાબત:

"બી.એ. તથા એમ.એ. સને ૧૯૬૩ના વર્ષમાં લેવાનારી જર્મન અને ફ્રેન્ચ વિષયની પરીક્ષા માટે આ સાથે પરિશિષ્ટમાં જણાવ્યા મુજબનાં પાઠ્યપુસ્તકો નિયત કરવા એકૅડેમિક કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે."

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ "ઑડ-હૉક" સમિતિની ઉપરની ભલામણ મંજૂર કરવી.

(મંજૂર કરવામાં આવેલાં પાઠ્યપુસ્તકોની યાદી **પરિશિષ્ટ "ઝ"** તરીકે સામેલ છે.)

૪૫. પર્શિયન, અરેબિક અને ઉર્દૂની અભ્યાસસમિતિની તા. ૧૪–૯–૧૯૬૦ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત:

"એમ.એ. ઉર્દૂની સને ૧૯૬૨ના વર્ષમાં લેવાનારી પરીક્ષાના પ્રશ્નપત્ર ૧ માટે જે પાઠ્યપુસ્તકો નિયત કરવામાં આવ્યાં છે, તેમાંથી 'Khayyam' by Sayed Sulaiman Nadvi અને 'Sauda' by Shaikh Chand અપ્રાપ્ય હોવાથી પ્રશ્નપત્ર ૧નાં પાઠ્યપુસ્તકો નીચે મુજબ નિયત કરવા ભલામણ છે:

એમ.એ. ઉર્દૂ—સને ૧૯૬૨ની પરીક્ષા

પ્રશ્નપત્ર ૧—Form of Literature: Literary Criticism

1. 'Khayyam' by Sayed Sulaiman Nadvi
(Marif Press, Azamgarh, U.P.)

or

'Adab-ka Tanquidi Mutaeah' by Dr. Salam Sandalvi
(Nasim Book Depot, Lucknow).

2. 'Sauda' by Shaikh Chand.

or

'Maqqadama-i-Shero Shari by Hali'
by Prof. Kalimuddin Ahmed,
Indara-e-Farghil-eurdu, Lucknow.

3. 'Muwazena-e-Anees-o-Dabir' by Maulana Chibli.

Books recommended:

1. 'Urdu Tanqid par ek Nazar' by Kalimu-d-Din Ahmad;
2. 'Urdu Adab-ka-Tanondi Sarmaya' by Abdu-sh-Shankur, Vols. I & II;
3. 'Urdu Tanqid-ki-Tarikh' by Masihu-z-Zaman;
4. 'Tarikh-wa-Tanqid' by Hamid Hasan Qadri;

5. 'Tanqid-Kya-Hai' by Ali Ahmad Suroor;

6. 'Tanqid-awr-Amali Tanqid' by Ihtisham Hussain;

7. 'Principles of Literary Criticism' by—

(1) Hudson: 'Introduction to the Study of Literature',
(2) Winchester: 'Principles of Literary Criticism',
(3) Abercrombie: 'Principles of literary Criticism',
(4) I. A. Richards: 'Principles of Literary Criticism'."

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ અભ્યાસસમિતિની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૪૬. પર્શિયન, અરેબિક અને ઉર્દૂની અભ્યાસસમિતિની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત:

"આથી ઠરાવવામાં આવે છે કે બી.એ. તથા એમ.એ.ની સને ૧૯૬૩ના વર્ષમાં લેવાનારી પર્શિયન, અરેબિક અને ઉર્દૂ વિષયની પરીક્ષાનાં પાઠ્યપુસ્તકો આ સાથે આપેલા પરિશિષ્ટ મુજબ નિયત કરવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે."

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ અભ્યાસસમિતિની ઉપરની ભલામણ મંજૂર કરવી.

(મંજૂર કરવામાં આવેલાં પાઠ્યપુસ્તકોની યાદી **પરિશિષ્ટ "૬"** તરીકે સામેલ છે.)

૪૭. પર્શિયન, અરેબિક અને ઉર્દૂની અભ્યાસસમિતિની તા. ૯-૯-૧૯૬૦ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત:

"આથી એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે, એમ.એ. ઉર્દૂની ૧૯૬૨ના વર્ષમાં લેવાનારી પરીક્ષાના પ્રશ્નપત્ર ૩ માટે જે પાઠ્યપુસ્તકો નિયત કર્યાં છે, તેમાંનું 'Sauda' by Shaikh Chandનું પુસ્તક અપ્રાપ્ય હોવાથી તેના વિકલ્પે 'Intkhabe-kalame-Mir' by Dr. Abdul Haqq નિયત કરવું."

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ અભ્યાસસમિતિની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૪૮. તા. ૧૭-૯-૧૯૬૦ના રોજ મળેલી અવસ્તા-પહલવીની ઍડ-હોક સમિતિની નીચેની ભલામણ અંગે વિચારણા કરવા બાબત:

"બી.એ. અને એમ.એ.ની સને ૧૯૬૩ના વર્ષમાં થનારી અવસ્તા-પહલવીની પરીક્ષાનાં પાઠ્ય-પુસ્તકો આ સાથે પરિશિષ્ટમાં જણાવ્યા મુજબ નિયત કરવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે."

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ "ઍડ-હોક" સમિતિની ઉપરની ભલામણ મંજૂર કરવી.

(મંજૂર કરવામાં આવેલાં પાઠ્યપુસ્તકોની યાદી **પરિશિષ્ટ "૭"** તરીકે સામેલ છે.)

૪૯. તા. ૭-૯-૧૯૬૦ના રોજ મળેલી ગૃહવિજ્ઞાનની અભ્યાસસમિતિની નીચેની ભલામણ અંગે વિચારણા કરવા બાબત:

"બી.એ. 'હોમ મૅનેજમેન્ટ'ના અભ્યાસક્રમ માટે ભલામણ કરેલાં પુસ્તકોની યાદીમાં નીચેના પુસ્તકની ભલામણ કરવા એકૅડેમિક કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે:

'ગૃહસંચાલન': લે. ડૉ. લીલા શાહ (ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય)."

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ અભ્યાસસમિતિની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૫૦. સોશિયોલોજી અને એન્થ્રોપોલોજીની અભ્યાસસમિતિની તા. ૧૨-૯-૧૯૬૦ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત:

"The Board recommends that the book† 'Naika-Naikdas' by P. G. Shah be prescribed as a recommended book for Cultural Anthropology at B.A.

Further it was resolved that the book by Prof. Kewal Motwani be added to the list of books recommended for Group 'E'—Paper IV at M.A. Examination."

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ અભ્યાસસમિતિની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૫૧. અર્થશાસ્ત્રની અભ્યાસસમિતિની તા. ૯-૯-૧૯૬૦ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરી સૂચિત પુસ્તકો (recommended books) મંજૂર કરવા બાબત:

"આથી કો-ઑપરેશનના અભ્યાસક્રમ માટે આ સાથે પરિશિષ્ટમાં જણાવ્યા મુજબનાં પુસ્તકો મંજૂર કરવા એકૅડેમિક કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ અભ્યાસસમિતિની ઉપરની ભલામણ મંજૂર કરવી.

(મંજૂર કરવામાં આવેલાં પાઠ્યપુસ્તકોની યાદી **પરિશિષ્ટ "ડ"** તરીકે સામેલ છે.)

૫૨. પ્રકાશ આર્ટ્સ કૉલેજ, અમદાવાદને બી.એ. (સ્પે.) સંસ્કૃત અને મનોવિજ્ઞાનના વિષયો શીખવવા માટે ચાલુ જોડાણ તથા અર્થશાસ્ત્ર (સ્પે.) શીખવવા માટે વધારાનું જોડાણ આપવા અંગે મજકૂર કૉલેજના આચાર્યશ્રી તરફથી આવેલી અરજી તથા સિન્ડિકેટે નીમેલી સ્થાનિક તપાસસમિતિનો હેવાલ.

Resolved that it be recommended to the Syndicate and the Senate that Prakash Arts College, Ahmedabad, be granted continuation of affiliation for teaching courses of studies leading to the B.A. (Sp.) Degree Examina-

† 'Manu Dharma Sastra: A Sociological and Historical Study'; Publisher: Ganesh and Co., Madras; Date of Publication: 1958; Price: 15-00.

tion in Sanskrit & Psychology and extension of affiliation for teaching courses of studies leading to the B.A. (Sp.) Degree Examination in Economics for a period of two years from 15–6–1961 to 14–6–1963 on the fulfilment by 15th May, 1961, to the satisfaction of the Syndicate of the following conditions:

1. that a Professor of Economics be appointed;
2. that a sum of Rs. 2,000/– be spent on books and journals in Economics;
3. that at least one reputed journal of Psychology be subscribed to; and
4. that all the library funds sanctioned for books be utilised.

૫૩. શ્રી. શારદાપીઠ વિદ્યાસભા, દ્વારકા, સંચાલિત શ્રી. શારદાપીઠ આર્ટ્સ કૉલેજ, દ્વારકાને ઇન્ટર આર્ટ્સ સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ તથા બી.એ. (સ્પે.) સંસ્કૃત અને બી.એ. (જન.) ગુજરાતી, હિન્દી અને મનોવિજ્ઞાનના વિષયો શીખવવા માટે વધારાનું જોડાણ આપવા અંગે મજકૂર સભાના મંત્રીશ્રી તરફથી આવેલી અરજી તથા સિન્ડિકેટે નીમેલી સ્થાનિક તપાસસમિતિનો હેવાલ.

Resolved that it be recòmmended to the Syndicate and the Senate that Shri Shardapeeth Arts College, Dwarka, be granted continuation of affiliation for teaching courses of studies leading to the Intermediate Arts Examination and extension of affiliation for teaching courses of studies leading to the B.A. (Sp.) Degree Examination in Sanskrit, and B.A. (Gen.) Degree Examination in Psychology, Gujarati and Hindi for a period of two years from 15–6–1961 to 14–6–1963, on the fulfilment by 15th May, 1961, to the satisfaction of the Syndicate, of the following conditions:

1. that a qualified Lecturer, each in English and Sanskrit, be appointed;
2. that a sum of Rs. 5,000/– be spent for purchasing books in Sanskrit, Psychology, Gujarati and Hindi; and
3. that a qualified P.T. Instructor be appointed.

૫૪. નડિયાદ એજ્યુકેશન સોસાયટી સંચાલિત જે. એન્ડ જે. કૉલેજ ઑફ સાયન્સ અને સી. બી. પટેલ આર્ટ્સ ઇન્સ્ટિટ્યૂટ, નડિયાદને બી.એ. (જનરલ) સમાજશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાનું જોડાણ આપવા અંગે મંત્રીશ્રી તરફથી આવેલી અરજી તથા સિન્ડિકેટે નીમેલી સ્થાનિક તપાસસમિતિનો હેવાલ.

Resolved that it be recommended to the Syndicate and the Senate that J. & J. College of Science & C. B. Patel Arts Institute, Nadiad, be granted extension of affiliation for teaching courses of studies leading to the B.A. (General) Degree Examination in Sociology for a period of two years from 15–6–1961 to 14–6–1963 on the fulfilment by 15th May, 1961, to the satisfaction of the Syndicate, of the following conditions :

1. that books worth Rs. 5,000/– be purchased over and above those already in the library and those for which order is already placed; and
2. that books worth Rs. 200/– on Sociology be purchased every year upto three years of the granting of the affiliation.

૫૫. શ્રી. હરિવલ્લભદાસ આર્ટ્સ કૉલેજ, અમદાવાદને બી.એ. (સ્પે. અને જન.) ભૂગોળ અને પર્શિયનના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાનું જોડાણ આપવા અંગે મજકૂર કૉલેજના આચાર્યશ્રી તરફથી આવેલી અરજી તથા સિન્ડિકેટે નીમેલી સ્થાનિક તપાસ-સમિતિનો હેવાલ.

Resolved that it be recommended to the Syndicate and the Senate that H. K. Arts College, Ahmedabad, be granted extension of affiliation for teaching courses of studies leading to the B.A. (Sp. & Gen.) Degree Examination in Geography and Persian for a period of two years from 15–6–1961 to 14–6–1963 on the fulfilment by 15th May, 1961, to the satisfaction of the Syndicate, of the following conditions :

1. (*a*) that the present part-time Professor of Persian be made full-time;
   (*b*) that an additional Lecturer in Persian be appointed;
2. (*a*) that a Professor in Geography be appointed;
   (*b*) that Demonstrator in Geography be appointed;
3. (*a*) that a sum of Rs. 1,000/– be spent on books on Persian;
   (*b*) that a sum of Rs. 2,000/– be spent on books and journals on Geography;
4. that the following be purchased and added to the laboratory : All meteorological instruments, survey instruments, maps, charts, two glass cupboards, one map stand and one map rack.

It is further recommended that the number of students to be admitted for Geography be restricted to 24.

૫૬. શ્રી. રજની પારેખ આર્ટ્સ કૉલેજ, ખંભાતને ઇન્ટર આર્ટ્સ સુધીના વિષયો શીખવવા માટે ચાલુ જોડાણ તથા બી.એ. (સ્પે. અને જન.) ગુજરાતી, સંસ્કૃત, માનસશાસ્ત્ર, અર્થશાસ્ત્રના સિદ્ધાંતો અને હિંદી, તથા બી.એ. (જન.) પર્શિયન, ઇતિહાસ, ઉર્દૂ અને અંગ્રેજીના વિષયો શીખવવા માટે વધારાનું જોડાણ આપવા અંગે આચાર્યશ્રી તરફથી આવેલી અરજી તથા સિન્ડિકેટે નીમેલી સ્થાનિક તપાસસમિતિનો હેવાલ.

Resolved that it be recommended to the Syndicate and the Senate that Shri Rajni Parekh Arts College, Cambay, be granted continuation of affiliation for teaching courses of studies leading to the Inter Arts Examination and extension of affiliation for teaching courses of studies leading to the B.A. (Sp. & Gen.) Degree Examination in Gujarati, Sanskrit, Psychology, Economics and Hindi, and B.A. (Gen.) Degree Examination in Persian, History, Urdu and English for a period of two years from 15-6-1961 to 14-6-1963 on the fulfilment by 15th May, 1961, to the satisfaction of the Syndicate, of the following conditions:

1. that the following appointments be made:
   - (*a*) a Lecturer in English,
   - (*b*) a Professor in Sanskrit,
   - (*c*) a Professor in Economics,
   - (*d*) a Professor in Psychology,
   - (*e*) a Lecturer in History,
   - (*f*) a Lecturer in Persian and Urdu,
   - (*g*) a Lecturer in Hindi,
   - (*h*) a Lecturer in Gujarati, and
   - (*i*) a Lecturer in Sanskrit.

2. that a sum of Rs. 11,000/- be spent for the purchase of books and periodicals as under:

   Rs. 1,000/- each for books; periodicals in Gujarati, Sanskrit, Psychology, Economics and Hindi, and Rs. 5,000/- for the purchase of books and periodicals for other subjects;

3. that an assurance be given by the Society to get ready its own building for the college before June, 1962; and

4. an assurance be given by the Society that it will meet the deficit, if any.

૫૭. ઉમેદરામ પંચાલ આર્ટ્સ કૉલેજ અને સર્વોદય સાયન્સ કૉલેજ, પિલવાઈને ઇન્ટર આર્ટ્સ અને સાયન્સના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ તથા બી.એ. માટે નીચેના વિષયો શીખવવા વધારાનું જોડાણ આપવા અંગે મજકૂર કૉલેજના આચાર્યશ્રી તરફથી આવેલી અરજી તથા સિન્ડિકેટે નીમેલી સ્થાનિક તપાસસમિતિનો હેવાલ:

બી.એ. (સ્પે. અને જન.) ... ગુજરાતી, હિન્દી, સંસ્કૃત અને અર્થશાસ્ત્ર;
બી.એ. (જનરલ) ... અંગ્રેજી.

Resolved that it be recommended to the Syndicate and the Senate that Umedram Panchal Arts College and Sarvodaya Science College, Pilvai, be granted continuation of affiliation for teaching courses of studies leading to the Inter Arts and Inter Science Examinations and extension of affiliation for teaching courses of studies leading to the B.A. (Sp. & Gen.) Degree Examination in Sanskrit, Gujarati, Hindi and Economics and B.A. (Gen.) Degree Examination in English for a period of two years from 15–6–1961 to 14–6–1963 on the fulfilment by 15th May, 1961, to the satisfaction of the Syndicate, of the following conditions:

1. that the following staff be appointed:
   (*a*) a Professor each in Economics, Gujarati, Sanskrit and Hindi,
   (*b*) a Lecturer in English;
2. that a sum of Rs. 7,000/– be spent for books during the year 1961–62, and an assurance be given that Rs. 5,000/– will be spent during the year 1962–63;
3. that an assurance be given by the sponsors of the college that they will meet the deficit, if any.

૫૮. આર્ટ્સ કૉલેજ, ડભોઈને બી.એ.ની પરીક્ષા માટે અંગ્રેજી, ગુજરાતી, અર્થશાસ્ત્ર (સ્પે. અને જન.) તથા માનસશાસ્ત્ર, સંસ્કૃત, હિન્દી, ઇતિહાસ અને રાજ્યનીતિશાસ્ત્ર (જન.)ના વિષયોના અભ્યાસક્રમો શીખવવા કાયમી જોડાણ આપવા તથા હિન્દી (સ્પે.) અને પર્શિયન (જન.)ના વિષયો શીખવવા માટે વધારાનું જોડાણ તથા ઇન્ટર સાયન્સ સુધીના અભ્યાસક્રમો શીખવવા માટેનું જોડાણ આપવા અંગે મજકૂર કૉલેજના આચાર્યશ્રી તરફથી આવેલી અરજી તથા સિન્ડિકેટે નીમેલી સ્થાનિક તપાસસમિતિનો હેવાલ.

Resolved that it be recommended to the Syndicate and the Senate that Arts College, Dabhoi, be granted extension of affiliation for teaching courses of studies leading to the Inter Science Examination for a period of one year from 15–6–1961 to 14–6–1962, and continuation of affiliation

for teaching courses of studies leading to the Inter Arts Examination and extension of affiliation for teaching courses of studies leading to the B.A. (Sp. and Gen.) Degree Examination in English, Gujarati, Economics, Hindi, and B.A. (Gen.) Degree Examination in Psychology, Sanskrit, History, Politics, Statistical Methods and Sociology for a period of two years from 15-6-1961 to 14-6-1963 on the fulfilment by 15th May, 1961, to the satisfaction of the Syndicate, of the following conditions :

Arts

1. that the following staff be appointed :

   A Lecturer each in Hindi, Persian, Mathematics with Statistics, Sociology and History;

2. that a sum of Rs. 7,000/- be spent for purchase of books and periodicals as under :

   Rs. 1,000·00 on Hindi,
   Rs. 1,000·00 on Maths. including Statistics,
   Rs. 1,000·00 on Sociology,
   Rs. 3,000·00 on the purchase of books on other subjects taught at the college,
   Rs. 1,000·00 for periodicals on all subjects,

   Rs. 7,000·00 (Rupees seven thousand only);

3. that the Principal be provided with rent-free quarters in the premises of the college;

Science

4. that the following staff be appointed :
   (*a*) a Lecturer each in Physics, Chemistry, Biology and Mathematics (common with Arts),
   (*b*) a Demonstrator each in Physics, Chemistry and Biology,
   (*c*) a Laboratory Assistant in Chemistry, a Laboratory Assistant (cum-Mechanic) in Physics and a Laboratory Assistant (cum-Field Collector) in Biology,
   (*d*) one P. T. Instructor common with Arts;

5. that the Science building be suitably equipped with gas, electricity and water;

6. that the laboratories of Physics, Chemistry and Biology be constructed and fully equipped with gas, electricity and water;

7. that a sum of Rs. 6,000/- be spent for books on Science subjects;

8. that a sum of Rs. 75,000/- be spent for purchase of apparatus of chemicals; and

9. that an assurance be given by the Mandal that it will meet the deficit, if any.

૫૯. ગુજરાત કૉલેજ, અમદાવાદને બી.એ. (સ્પે.) હિન્દીનો અભ્યાસક્રમ શીખવવા સારુ કાયમી જોડાણ આપવા માટે મજકૂર કૉલેજના આચાર્યશ્રી તરફથી આવેલી અરજી તથા સિન્ડિકેટે નીમેલી સ્થાનિક તપાસસમિતિનો હેવાલ.

Resolved that it be recommended to the Syndicate and the Senate that Gujarat College, Ahmedabad, be granted permanent affiliation for teaching courses of studies leading to the B.A. (Sp.) Degree Examination in Hindi from 15th June, 1961, on the fulfilment by 15th May, 1961, to the satisfaction of the Syndicate, of the following condition :

That the annual recurring expenditure of Rs. 375/- towards Hindi books be raised to Rs. 450/-.

૬૦. સેંટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદને બી.એ.માં નીચે દર્શાવેલા વિષયોમાં અભ્યાસક્રમો શીખવવા કાયમી જોડાણ તથા બી.એ. (સ્પે.) માનસશાસ્ત્ર શીખવવા વધારાનું જોડાણ આપવા અંગે આચાર્યશ્રી તરફથી આવેલી અરજી તથા સિન્ડિકેટે નીમેલી સ્થાનિક તપાસસમિતિનો હેવાલ :

બી.એ. (સ્પે. અને જન.)	...	અંગ્રેજી, ગુજરાતી, અર્થશાસ્ત્ર આંકડાશાસ્ત્ર સાથે, ફિલોસોફી, હિન્દી, ગણિત અને સંસ્કૃત; અને
બી.એ. (જન.)	...	ઇતિહાસ, પર્શિયન, ઉર્દૂ, મનોવિજ્ઞાન અને રાજનીતિશાસ્ત્ર.

Resolved that it be recommended to the Syndicate and the Senate that St. Xavier's College, Ahmedabad, be granted permanent affiliation for teaching courses of studies leading to the B.A. (Special & General) Degree Examination in English, Gujarati, Hindi, Sanskrit, Economics with Statistical Methods and Maths., and B.A. (General) Degree Examination in Philosophy, History, Persian, Urdu and Politics from

15-6-1961, and extension of affiliation for teaching courses of studies leading to the B.A. (Special) Degree Examination in Psychology for a period of two years from 15-6-1961 to 14-6-1963 on the fulfilment by 15th May, 1961, to the satisfaction of the Syndicate, of the following condition :

That a Professor in Psychology and a Lecturer in Psychology be appointed.

૬૧. કલોલ તાલુકા કેળવણી મંડળ, કલોલ, તરફથી કલોલ મુકામે જૂન ૧૯૬૧થી શરૂ કરાનાર આર્ટ્સ કૉલેજને ઇન્ટર આર્ટ્સ સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે જોડાણ આપવા અંગે આવેલી અરજી તથા સિન્ડિકેટે નીમેલી સ્થાનિક તપાસસમિતિનો હેવાલ.

Resolved that it be recommended to the Syndicate and the Senate that the Arts College proposed to be started at Kalol by Kalol Taluka Kelavani Mandal be granted affiliation for one year for teaching courses of studies leading to the Inter Arts Examination from 15-6-1961 to 14-6-1962 on the fulfilment by 15-5-1961, to the satisfaction of the Syndicate, of the following conditions :

1. that a sum of at least Rs. 75,000/- be raised before 31-3-1961 for immediate requirements of the College and the matter be adequately clarified;
2. a suitable College building with at least 3 rooms each of 1,200 sq. ft. and 5 rooms of 500 sq. ft. be made available;
3. the following staff be appointed :
   (*i*) Principal, who be made an ex-officio member of the Governing Body,
   (*ii*) A Lecturer in English,
   (*iii*) A Lecturer in Gujarati,
   (*iv*) A Lecturer in Hindi,
   (*v*) A Lecturer in Sanskrit,
   (*vi*) A Lecturer in History and Economics,
   (*vii*) A Lecturer in Philosophy-Psychology,
   (*viii*) A Physical Instructor;
4. books worth Rs. 5,000/- be purchased initially and provision be made for a recurrent annual expenditure of Rs. 2,000/- for books and periodicals;

5. adequate Hostel accommodation be provided;
6. quarters for the Principal and Resident Professor be provided near the College building; and
7. that an assurance be given by the Mandal that the deficit, if any, will be met by it.

૬૨. શ્રી. કાન્તા સ્ત્રી વિકાસગૃહ, રાજકોટ, તરફથી રાજકોટ ખાતે ઇન્ટરમીડિયેટ આર્ટ્સ સુધીના અભ્યાસક્રમો શીખવવા સારુ જૂન ૧૯૬૧થી શરૂ કરનાર વિદ્યાર્થિનીઓ માટેની આર્ટ્સ કૉલેજના જોડાણ અંગે મંત્રીશ્રી તરફથી આવેલી અરજી તથા સિન્ડિકેટે નીમેલી સ્થાનિક તપાસસમિતિનો હેવાલ.

Resolved that it be recommended to the Syndicate and the Senate that the Arts College for ladies only proposed to be started at Rajkot by Shri Kanta Stri Vikas Griha be granted affiliation for one year for teaching courses of studies leading to the Inter Arts Examination from 15-6-1961 to 14-6-1962 on the fulfilment by 15th May, 1961, to the satisfaction of the Syndicate, of the following conditions :

1. that the Mandal secures a sum of at least Rs. 75,000/- by 31-3-1961 for immediate requirements of the colleges;
2. that a building with at least two class rooms of 300 sq. ft. each be secured for the college and be suitably equipped;
3. that the following staff be appointed :
   - (*i*) a Principal, who be provided with rent-free quarters and be made an ex-officio member of the Governing Body,
   - (*ii*) a Lecturer in Gujarati,
   - (*iii*) a Lecturer in Hindi,
   - (*iv*) a Lecturer in Sanskrit,
   - (*v*) a Lecturer in English,
   - (*vi*) a Lecturer in History-Economics, and
   - (*vii*) a Physical Training Instructor,
4. that books worth Rs. 5,000/- be purchased;
5. that an assurance be given that the Vikas Griha will meet the deficit, if any.

૬૩. શ્રી. આર્યસમાજ, જામનગરના સંચાલન હેઠળ જામનગર ખાતે જૂન ૧૯૬૧થી શરૂ કરનાર આર્ટ્સ કૉલેજને ઇન્ટર આર્ટ્સ સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે જોડાણ

આપવા અંગે મંત્રીશ્રી તરફથી આવેલી અરજી તથા સિન્ડિકેટે નીમેલી સ્થાનિક તપાસ-સમિતિનો હેવાલ.

Resolved that it be recommended to the Syndicate and the Senate that the Mahila College, proposed to be started at Jamnagar be granted affiliation for teaching courses of studies leading to the Inter Arts Examination for a period of one year from 15-6-1961 to 14-6-1962, on the fulfilment by 15th May, 1961, to the satisfaction of the Syndicate, of the following conditions :

1. that the following staff be appointed :
   (*a*) a Principal,
   (*b*) a Lecturer each in English, Gujarati, Hindi, Sanskrit, Logic, Psychology, History and Economics;
   (*Note.*—In case of the subject, which the Principal is qualified to teach, a Lecturer in the subject need not be separately appointed);
   (*c*) a P. T. Instructor;
2. that the Principal be provided with rent-free quarters near the college premises;
3. that the Principal be made an ex-officio member of the Managing Body;
4. that necessary alterations and partitions be made in the building to provide for a Principal's chamber, a teachers' common room, a students' common room and a library;
5. that the Samaj provides a separate suitable play-ground;
6. that a sum of Rs. 5,000/- be spent for books and journals; and
7. an assurance be given by the Mandal that it will meet the deficit, if any.

૬૪. ચુનીલાલ ગાંધી વિદ્યાભવન, સુરતને ગુજરાતીમાં એમ.એ. તથા પીએચ.ડી. ના અનુસ્નાતક અધ્યાપન અંગે માન્યતા આપવા અંગે અધ્યક્ષ તરફથી આવેલી અરજી તથા સિન્ડિકેટે નીમેલી સ્થાનિક તપાસસમિતિનો હેવાલ.

(**નોંધ.**—માન્યતા મળ્યેથી એમ. ટી. બી. કૉલેજમાંથી અનુસ્નાતક વર્ગોની બદલી થશે.)

Resolved that it be recommended to the Syndicate that Shri Chunilal Gandhi Vidyabhavan, Surat, be granted recognition for teaching

courses of studies leading to the M.A. and Ph.D. Degree Examinations in Gujarati for a period of two years from 15-6-1961 to 14-6-1963 on the fulfilment by 15th May, 1961, to the satisfaction of the Syndicate, of the following conditions :

1. that an additional recognised Asst. Teacher, in addition to the present Director, be appointed;
2. that a sum of Rs. 5,000/- be spent for books; and
3. that an assurance be given by the Mandal to meet the deficit, if any.

૬૫. શ્રી. શારદાપીઠ વિદ્યાસભા, દ્વારકાના મંત્રીશ્રી તરફથી દ્વારકા ખાતે એમ.એ. અને પીએચ.ડી.માં સંસ્કૃતના અનુસ્નાતક અધ્યાપન અંગે માન્યતા આપવા અંગે આવેલી અરજી તથા સિન્ડિકેટે નીમેલી સ્થાનિક તપાસસમિતિનો હેવાલ.

Resolved that it be recommended to the Syndicate that Bharatiya Sanshodhan Mandal sponsored by Shri Shardapith Vidya Sabha, Dwarka, be granted recognition for teaching courses of studies leading to the M.A. and Ph.D. Degree Examinations in Sanskrit for a period of two years from 15-6-1961 to 14-6-1963 on the fulfilment by 15th May, 1961, to the satisfaction of the Syndicate, of the following conditions :

1. that a Darshanik Vidwan and An Asst. to a Post-graduate Teacher in Sanskrit be appointed;
2. that a sum of Rs. 7,000/- be spent for books and periodicals in Sanskrit;
3. that an assurance be given that a separate building will be constructed by 15-5-1962;
4. that publication of a bulletin on higher studies in Sanskrit be undertaken by the Mandal; and
5. that an assurance be given by the Mandal to meet the deficit, if any.

૬૬. પ્રકાશ આર્ટ્સ કૉલેજ, અમદાવાદને બી.એડ. તથા ટી.ડી.ના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાનું જોડાણ આપવા અંગે આચાર્યશ્રી તરફથી આવેલી અરજી તથા સિન્ડિકેટે નીમેલી સ્થાનિક તપાસસમિતિનો હેવાલ.

Resolved that the extension of affiliation for teaching courses of studies leading to the T.D. and B.Ed. Examinations as asked for in the same Arts College cannot be recommended.

Further resolved that it be recommended to the Syndicate and the Senate that the sponsoring authorities be permitted, on submission of a fresh application to start a separate college, which be granted affiliation for teaching courses of studies leading to the T.D. and B.Ed. Degree Examinations for a period of one year from 15-6-1961 to 14-6-1962 on the fulfilment by 15th May, 1961, to the satisfaction of the Syndicate, of the following conditions:

1. that the following staff be appointed:
   (*a*) a Principal,
   (*b*) a Professor of Education,
   (*c*) Five Lecturers,
   (*d*) a Tutor;
2. that the hostel facilities for 30 male students and 10 female students be provided;
3. that the following accommodation to be provided:
   (*a*) a Central Hall,
   (*b*) an Audio-visual Room,
   (*c*) a Students' Common Room,
   (*d*) a Teachers' Common Room,
   (*e*) a Ladies' Common Room,
   (*f*) a Psychological Laboratory,
   (*g*) a Museum, and
   (*h*) Five Rooms for special methods and special fields.
4. that the Principal and the Rector be provided with rent-free residential quarters; and the Principal be made an ex-officio member of the Governing Body;
5. that the following amount be spent on Library equipment, Laboratory, etc.:

	Non-recurring	*Recurring*
(*a*) Library	Rs. 5,000	Rs. 1,000
(*b*) Reading Room	—	Rs. 300
(*c*) Apparatus	Rs. 1,000	Rs. 200
(*d*) Teaching aids	Rs. 2,000	Rs. 500
(*e*) Gymkhana	Rs. 500	Rs. 200
(*f*) Extra-curricular activities	Rs. 1,000	Rs. 500

(g) Miscellaneous	Rs.	1,000	Rs.	300
(h) Furniture — new type desks, cupboards, tables, etc.	Rs.	5,000	Rs.	500

6. that an assurance be given by the sponsoring authorities that they will meet the deficit, if any.

Further recommended to the Syndicate that the number of students to T.D. and B.Ed. be restricted to 30 and 50 respectively.

૬૭. શ્રી. અનાદિમુક્ત સદ્‌ગુરુ શ્રી. મુક્તજીવનદાસજી સ્વામી સુવર્ણજયંતી મહોત્સવ સ્મારક ટ્રસ્ટ સંચાલિત શ્રી. સ્વામીનારાયણ આર્ટ્સ અને સાયન્સ કૉલેજ, અમદાવાદને ઇન્ટર સાયન્સ તથા બી.એ. (સ્પે. અને જન.) હિન્દી અને તત્ત્વજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા સારુ ચાલુ જોડાણ આપવા અંગે મજકૂર ટ્રસ્ટના પ્રમુખશ્રી તરફથી આવેલી અરજી તથા સિન્ડિકેટે નીમેલી સ્થાનિક તપાસસમિતિનો હેવાલ.

Resolved that it be recommended to the Syndicate and the Senate that Shri Swaminarayan Arts & Science College, Ahmedabad, be granted continuation of affiliation for teaching courses of studies leading to the B.A. (Gen. & Sp.) Degree Examination in Philosophy and Hindi and Inter Science Examination for a period of two years from 15-6-1961 to 14-6-1963.

૬૮. સર્વોદય હાયર એજ્યુકેશન સોસાયટી, માણસા, સંચાલિત એલ. એચ. સાયન્સ અને એસ. ડી. આર્ટ્સ કૉલેજ, માણસાને ઇન્ટર આર્ટ્સ અને ઇન્ટર સાયન્સના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ આપવા અંગે મંત્રીશ્રી તરફથી આવેલી અરજી તથા સિન્ડિકેટે નીમેલી સ્થાનિક તપાસસમિતિનો હેવાલ.

Resolved that it be recommended to the Syndicate and the Senate that L. H. Science and S. D. Arts College, Mansa, be granted continuation of affiliation for teaching courses of studies leading to the Inter Arts and Inter Science Examinations for a period of two years from 15-6-1961 to 14-6-1963 on the fulfilment by 15th May, 1961, to the satisfaction of the Syndicate, of the following conditions:

1. that a qualified Lecturer in English be appointed;
2. that a sum of Rs. 3,000/- be spent for purchasing Library books; and
3. that a common room each for teachers and women students be provided.

૬૯. બહાઉદ્દીન કૉલેજ, જૂનાગઢને બી.એસસી. વનસ્પતિવિજ્ઞાન (ગૌણ)ના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ આપવા ગુજરાત રાજ્યના શિક્ષણ સંચાલક તરફથી આવેલી અરજી તથા સિન્ડિકેટે નીમેલી સ્થાનિક તપાસસમિતિનો હેવાલ.

